दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૩૨

## जयपुर

એક જ્ઞાયકભાવ તે આત્મા છે. આવા જ્ઞાયકસ્વભાવપણે જે પોતે પોતાને અનુભવે તેને 'શુદ્ધ' કહીએ છીએ. આવું શુદ્ધતત્ત્વ જ બધા તત્ત્વોમાં સર્વોપરી શ્રેષ્ઠ સારરૂપ છે. અને તે શુદ્ધતત્ત્વ ધર્મીના અંતરમાં ધ્યેયપણે જયવંત વર્તે છે.

'जयति समयसारं सर्व तत्त्वैक सारं।'
सुखजलनिधि पूरः क्लेशवाराशि पारः।।

જુઓ, જયપુરના મંગલમાં આત્માના જયની અને સુખના પૂરની વાત આવી. સર્વે તત્ત્વોમાં ઉત્તમ એવો એક આત્મા તેનો જય છે, અને તે સુખજલનિધિનું પૂર છે. આવું ચૈતન્યતત્ત્વ તે સારમાં સાર છે, તે મંગળ છે.

તંત્રી : **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** ✻ સંપાદક : **બ્ર. હરિલાલ જૈન**
વીર સં. ૨૪૯૭ જેઠ ( લવાજમ : **ચાર રૂપિયા** ) વર્ષ **૨૮** : અંક **૮**

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# હૃદયના ઉદ્‌ગારપૂર્વક કહે છે કે-



## ‘અમે મુનિઓના ચરણના દાસ છીએ.’

શ્રી પંચપરમેષ્ઠી ભગવંતો પ્રત્યેની ભક્તિપૂર્વક કાનજીસ્વામી ઘણી વાર કહે છે કે અહો! મુનિવરો તો આત્માના પરમ આનંદમાં ઝુલતા ઝુલતા મોક્ષને સાધી રહ્યા છે. આત્માના અનુભવપૂર્વક દિગંબર ચારિત્રદશાવડે મોક્ષ સધાય છે. દિગંબર સાધુ એટલે સાક્ષાત્ મોક્ષનો માર્ગ... એ તો નાના સિદ્ધ છે... અંતરના ચિદાનંદ સ્વરૂપમાં ઝુલતાં ઝુલતાં વારંવાર શુદ્ધોપયોગવડે નિર્વિકલ્પ આનંદને અનુભવે છે. પંચપરમેષ્ઠીની પંક્તિમાં જેમનું સ્થાન છે એવા મુનિના મહિમાની શી વાત! એવા મુનિનું દર્શન મળે તે પણ મહાન આનંદની વાત છે. એવા મુનિવરોના તો અમે દાસાનુદાસ છીએ... તેમના ચરણોમાં અમે નમીએ છીએ... ધન્ય એ મુનિદશા! અમે પણ એની ભાવના ભાવીએ છીએ.

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ

વીર સં. ૨૪૯૭
જેઠ
Jun. 1971

* વર્ષ ૨૮ અંક ૮ *

## ભગવાન મહાવીરનો ૨૫૦૦ મો નિર્વાણમહોત્સવ તે નિમિત્તે પૂ. કાનજી સ્વામીના આશીર્વાદ

ભગવાન મહાવીરનો અઢી હજારમો નિર્વાણ મહોત્સવ ઈ. સ. ૧૯૭૪ માં આખું વર્ષ ધામધૂમથી સર્વત્ર મનાવવા માટે જે કમિટિ નીમાયેલી છે તેની મિટિંગ તા. ૧૯–૨૦ ના રોજ જયપુરમાં હતી; તે પ્રસંગે કમિટિના અધ્યક્ષ શ્રી શાંતિપ્રસાદજી શાહુએ – નિર્વાણ મહોત્સવની રૂપરેખા સમજાવીને તેમાં સમસ્ત સમાજનો સહકાર માંગ્યો તથા પૂ. કાનજીસ્વામીના આશીર્વાદ તથા માર્ગદર્શનની વિનતિ કરી, ત્યારે ગુરુદેવે આશીર્વાદ સહિત કહ્યું કે –

બધા જૈનોએ ભેગા થઈને આનંદથી ભગવાનના નિર્વાણનો ઉત્સવ કરવો તે સારું છે; તે જૈનધર્મની પ્રસિદ્ધિનું અને પ્રભાવનાનું કારણ છે. તેમાં મતભેદ ભૂલીને સૌએ સાથે આપવો જોઈએ. જૈનના બધા સંપ્રદાયોએ મળીને ભગવાન મહાવીરના માર્ગની પ્રસિદ્ધિ થાય તે કરવા જેવું છે; તેમાં કોઈએ વિરોધ કરવો ન જોઈએ. અરસ–પરસ કોઈ જાતના કલેશ વગર સૌ સાથે મળીને મહાવીર ભગવાનનો ઉત્સવ થાય તે તો સારી વાત છે. મહાવીર ભગવાનના વીતરાગ માર્ગમાં પરસ્પર કલેશ થાય – એવું કોઈએ કરવું જોઈએ નહીં. જૈનોની સંખ્યા બીજા કરતાં ભલે થોડી હોય પણ જૈન સમાજની શોભા વધે, દુનિયામાં તેનો મહિમા પ્રસિદ્ધ થાય ને ભગવાનના ઉપદેશની શોભા વધે, દુનિયામાં તેનો મહિમા પ્રસિદ્ધ થાય ને ભગવાનના ઉપદેશની પ્રભાવના વધે – તેમ કરવું જોઈએ.

(ખાસ નોંધ: – આપણા બાલવિભાગના નાના–મોટા સૌ સભ્યો ભાગ લઈ શકે એવી એક સુંદર યોજના આ નિર્વાણ – મહોત્સવને અનુલક્ષીને તૈયાર થઈ રહી છે. જે યોગ્ય સમયે રજુ થશે.)

(– બ્ર. હ. જૈન)

# ભગવાન આત્મા નિજશક્તિથી ઉલ્લસે છે

**રાજકોટ શહેરમાં વીર સં. ૨૪૯૭ના વૈશાખ સુદ પાંચમથી વૈશાખ વદ ત્રીજ સુધી સમયસારની ૪૭ શક્તિ ઉપરનાં પ્રવચનોમાંથી**

* સર્વજ્ઞભગવાન કહે છે કે હે ભાઈ! તું આત્મા છો, તારામાં સર્વજ્ઞ – સ્વભાવ વગેરે અનંત શક્તિઓ છે. તે શક્તિઓનું વર્ણન આ સમયસારમાં કર્યું છે. અનુભવમાં કલમ બોળીબોળીને આ સમયસારની રચના થઈ છે.

* અનંતશક્તિઓ આત્મામાં એક સાથે છે; તે શક્તિમાન આત્મદ્રવ્યને ઓળખીને અનુભવમાં લેતાં અનંતી શક્તિનો સ્વાદ એક સાથે આવે છે, અનંતી શક્તિઓ એકસાથે નિર્મળપણે પરિણમે છે, ઉલ્લસે છે.

* પોતાની અનંતશક્તિઓને ન ઓળખી, ને પોતાને રાગાદિ જેટલો માન્યો તેથી પર્યાયમાં જીવની શક્તિ બીડાઈ ગઈ છે, ને દુઃખથી તે સંસારમાં રખડે છે. આ રીતે નિજશક્તિનું અજ્ઞાન તે અધર્મ છે.

* પોતાના સ્વભાવની શક્તિનું ભાન થતાં રાગાદિમાંથી આત્મબુદ્ધિ ઊડી જાય, ને સ્વભાવના અતીન્દ્રિય આનંદનો સ્વાદ અનુભવમાં આવે તે ધર્મ છે, ને તે મોક્ષમાર્ગ છે.

* અહીં આચાર્યદેવ કહે છે કે હે જીવ! તારું સ્વરૂપ જ્ઞાન છે, એકલું જ્ઞાન નહિ પણ જ્ઞાન સાથે અનંતગુણોનું પરિણમન ભેગું છે. સર્વશક્તિમાન પરમેશ્વર તું જ છો.

* શક્તિઓ તો દરેક દ્રવ્યમાં અનંતી છે, જડમાં પણ જડની અનંતી શક્તિઓ છે; પણ અહીં જ્ઞાનસ્વરૂપ આત્માની શક્તિઓનું વર્ણન છે; કેમકે આત્માના સ્વભાવને ઓળખવાનું પ્રયોજન છે.

* પ્રથમ જીવત્વશક્તિ કહીને આત્માનું જીવન બતાવે છે. આત્માનું જીવન શેનાથી ટકે છે? કે ચૈતન્યમય ભાવપ્રાણરૂપ જીવત્વશક્તિથી આત્મા સદા જીવે છે, જીવપણે ટકે છે.

* તારું જીવન આ શરીર – મન –ઇન્દ્રિયો કે આયુવડે નથી; આયુષ્ય તે તો શરીરના સંયોગની સ્થિતિનું કારણ છે, એના વડે કાંઈ જીવ નથી ટકતો, જીવ તો પોતાના ચૈતન્યજીવન વડે જીવે છે. આયુ તે જીવનું નથી. આયુ ખૂટતાં જીવ મરી જતો નથી, તે તો ચૈતન્યપ્રાણવડે જીવતો છે.

* અરિહંત ભગવંતો અને સિદ્ધભગવંતો આવું ચૈતન્યજીવન જીવે છે, તે જ સાચું જીવન છે –

તારું જીવન ખરું તારું જીવન....
જીવી જાણ્યું નેમનાથે જીવન....
જીવી રહ્યા છે સાચું આત્મજીવન....

* નેમનાથની જેમ આપણો આત્મા પણ ચૈતન્યજીવને જીવનારો છે; પોતાના જીવન માટે, પોતાના અસ્તિત્વ માટે કોઈ બીજાની જરૂર તેને પડતી નથી.

* જીવને જીવત્વનું કારણ પોતાના ચૈતન્યમાત્ર ભાવપ્રાણ છે, અને તે ભાવપ્રાણને ધારણ કરવાનું કારણ જીવત્વશક્તિ છે. આત્મા પોતાની જીવત્વશક્તિથી ચૈતન્યમાત્ર ભાવપ્રાણને ધારણ કરીને સદાય જીવંત છે. આત્મા પોતે ‘જીવંતસ્વામી’ છે.

* સીમંધરપરમાત્માને વિદેહક્ષેત્રના જીવંતસ્વામી કહેવાય છે; જીવંત એટલે વિદ્યમાન. તેમ જીવનશક્તિનો સ્વામી એવો જીવંતસ્વામી આત્મા પોતાના ચૈતન્યપ્રાણવડે સદા વિદ્યમાન છે.

* જેમ સરોવર છોડીને મૃગલાં ઝાંઝવાં પાછળ દોડીદોડીને હાંફે તોપણ તેને પાણી મળતું નથી, – ક્યાંથી મળે ? ત્યાં પાણી છે જ ક્યાં ? તેમ અનંતશક્તિના જળથી ભરેલું નિર્મળ ચૈતન્ય સરોવર, – જે પોતે જ છે, તેને ભૂલીને ઝાંઝવા જેવા રાગમાં જીવ દોડે છે, ને તેની પાછળ દોડી દોડીને દુઃખી થાય છે, સુખનો છાંટોય એને મળતો નથી, – ક્યાંથી મળે ? રાગમાં સુખ છે જ ક્યાં ? બાપુ ! સુખનું સરોવર તો તારામાં છલોછલ ભર્યું છે, તેમાં જો.... તો તારા આત્મસરોવરમાંથી તને સુખનાં અમૃત મળશે.... ને તારી તૃષા છીપશે.

* આત્મા અને રાગાદિભાવો, તેના સ્વાદમાં મોટો ફેર છે. પણ તે બંનેના સ્વાદને જુદો પાડવારૂપ ભેદસંવેદનશક્તિ અજ્ઞાનીઓને બિડાઈ ગઈ છે, ને જ્ઞાનીને શુદ્ધ–

ચેતનાવડે તે ભેદસંવેદનશક્તિ ઊઘડી ગઈ છે; રાગથી ભિન્ન આત્માનું ભાન થતાં ચૈતન્યખજાના ખૂલી ગયા છે.

* આત્માની શક્તિવડે જેણે આત્માને, ઓળખ્યો તેને જન્મ – મરણનો અંત આવ્યો, ને મોક્ષનાં ખજાના હાથમાં આવ્યા; પોતાનાં નિધાન પોતામાં દેખ્યા.

* એકેક શક્તિના ભેદવડે આત્માના ન પકડાય; આત્માના સ્વભાવના વેદનમાં બધી શક્તિનું ભેગું વેદન સમાઈ જાય છે. પછી સમજાવવા માટે એકેક શક્તિના ભેદ પાડીને જુદું જુદું વર્ણન કર્યું છે.

* આત્માનું જે જીવન છે તે ચૈતન્યમય છે. જડતા એનામાં જરાય નથી. એટલે જ્ઞાનનું જ્ઞાનમય પરિણમન તે જ આત્માનું જીવન છે. ચેતના આત્માના સર્વ ભાવોમાં વ્યાપક છે. આવી ચેતનાવાળા આત્માને પકડતાં તેની બધી શક્તિઓ એક સાથે સ્વચ્છપણે ઉલ્લસે છે. પર્યાયમાં સ્વાદ આવ્યા વગર ‘આવ્યા દ્રવ્ય – ગુણ છે’ એમ નક્કી થાય કઈ રીતે? એટલે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં નિર્મળશક્તિ વ્યાપી ગઈ છે, ને તે ત્રણેમાં રાગનો અભાવ છે. – આવા આત્માને જ્ઞાની જાણે છે.

* અનંતશક્તિવાળા આત્માનો અનુભવ થયો તે નિર્વિકલ્પ શુદ્ધપ્રમાણ છે. આ પ્રમાણમાં રાગ આવતો નથી.

* પરમભાવરૂપ જ્ઞાયકઆત્મા, તેની સન્મુખ થઈને અનુભવ કર્યો ત્યારે ‘મારો આત્મા આવો શુદ્ધ છે’ એમ નક્કી થયું, આવા અનુભવ વગર એકલી ધારણાથી ‘શુદ્ધ–શુદ્ધ’ કહે તેને ખરેખર શુદ્ધઆત્માની ખબર નથી.

* નિર્વિકલ્પ ચૈતન્યરસને અનુભવતાં સુખનો સ્વાદ આવે ત્યારે સુખશક્તિવાળો આત્મા માન્યો કહેવાય. (સુખ સાથે અનંતગુણનું પણ વેદન છે.) પર્યાયમાં અતીન્દ્રિય આનંદસહિત આખા સુખસ્વભાવની પ્રતીત થાય છે.

* પર તરફના ભાવોમાં શાંતિ નથી. ઠરીને હીમ થઈ ગયો હોય એવી શાંતિ આત્માના વેદનમાં છે.

* હું પોતે સર્વજ્ઞ થવાને લાયક છું, મારામાં સર્વજ્ઞસ્વભાવ છે – એમ જેણે સ્વ સન્મુખ થઇને પ્રતીત કરી તેના હૃદયના સર્વજ્ઞ બેઠા. સર્વજ્ઞની વાત કરે અને પોતાના સર્વજ્ઞસ્વભાવની પ્રતીત ન કરે તો તેણે સર્વજ્ઞને ખરેખર ઓળખ્યા નથી.

સર્વજ્ઞને ખરેખર ત્યારે ઓળખ્યા કે જ્યારે સ્વસન્મુખ થઈને આત્માના એવા સર્વજ્ઞસ્વભાવનો સ્વીકાર કર્યો.

* આવા સર્વજ્ઞસ્વભાવનો ભરોસો કરવા જાય તે રાગમાં ઊભો ન રહે. રાગથી જુદો થઈને જ્ઞાનસ્વભાવમાં આવ્યો ત્યારે અરહિંતના માર્ગમાં આવી ગયો; તે અલ્પકાળમાં અરિહંત થશે – એમ જ અરહિંતોએ જ્ઞાનમાં દીઠું છે. એને અનંત ભવ હોતાં નથી, ને ભગવાન પણ એમ જ દેખે છે.

* ધર્મીજીવ સાધક થઈને કેવળજ્ઞાનને બોલાવે છે. જે સ્વભાવની સન્મુખતા વડે સમ્યગ્જ્ઞાનરૂપી બીજ ઊગી, તે જ સ્વભાવની સન્મુખતા વડે કેવળજ્ઞાનરૂપી પૂનમ થવાની છે. જગતમાં સર્વજ્ઞો છે ને હું પણ સર્વજ્ઞતા તરફ જ જઈ રહ્યો છું – એમ ધર્મીને નિઃશંકતા છે.

* અહા, લોકાલોકને જાણવાનું સામર્થ્ય તો મારી શક્તિમાં બેઠું છે. આવા જાણનાર સ્વભાવને શ્રદ્ધામાં લીધો ત્યાં ધર્મીને પરજ્ઞેય તરફની આકુળતા રહેતી નથી. સર્વજ્ઞતા તો મારા સ્વઘરમાં જ પડી છે.

* આત્માની પ્રતીતમાં સર્વ ગુણોની પ્રતીત આવી જાય છે. ગુણોની પ્રતીત માટે ગુણોના ભેદ પાડવા નથી પડતા. ગુણના ભેદ પાડતાં તો વિકલ્પ થાય છે. નિર્મળ શક્તિમાં વિકલ્પ વડે નિર્મળશક્તિ પ્રતીતમાં આવતી નથી.

* આત્મા પોતે પોતાને સ્વસંવેદન–પ્રત્યક્ષ થાય છે; તેના સ્વસંવેદનમાં કોઈ બીજાનું આલંબન નથી. જેને રાગમાં લાભબુદ્ધિ છે એટલે કે રાગમાં એકત્વબુદ્ધિ છે તેને આત્માનું સ્વસંવેદન થતું નથી. સ્વસંવેદન રાગથી અત્યંત જુદું છે.

* સ્વસંવેદનમાં તો અતીન્દ્રિય આનંદ છે, અને તેને 'આત્મા' કહ્યો છે; સ્વસંવેદનમાં સ્વભાવની સ્વભાવની એકતા થતાં વિકલ્પ સાથેની એકતા તૂટી જાય છે.

* પોતાના શુદ્ધ ગુણ–પર્યાયોથી જે લક્ષિત થાય છે તેટલો જ આત્મા છે; આ શુદ્ધ પ્રમાણનો વિષય છે; તેમાં રાગાદિ પરભાવો ન આવે.

* પ્રકાશત્વ સ્વભાવને લીધે આત્મા સ્વયં પ્રકાશમાન એવા સ્પષ્ટ સ્વસંવેદનરૂપ છે. પોતાની ચેતનાવડે પોતે પોતાને અત્યંત સ્પષ્ટ પ્રકાશે છે. આત્માને પોતે

પોતાને જાણવામાં કોઈ રાગનું કે ઇન્દ્રિયોનું આલંબન નથી. રાગના અને ઇન્દ્રિયોના આલંબનથી જે જણાય તે આત્મા નહિ. સ્વાનુભવમાં સ્વયં પોતે પોતાને પ્રત્યક્ષ રૂપ કરે છે – એવો પ્રકાશસ્વભાવી આત્મા છે.

* બાપુ ! ઇન્દ્રિયો જડ છે, તેના વડે તારું જ્ઞાન થતું નથી. ઇન્દ્રિયોનું આલંબન લેવા જઈશ તો તારા આત્માને જાણી નહિ શકે. માતિ–શ્રુતજ્ઞાન ચોથા ગુણસ્થાને પણ ઇન્દ્રિય – મનનું આલંબન છોડીને, આત્મસન્મુખ થઇને અતીન્દ્રિય – પ્રત્યક્ષરૂપ થઇને પોતે પોતાના આત્માનો અનુભવ કરે છે. મતિ–શ્રુતજ્ઞાન પણ નિર્વિકલ્પ થઈને સીધા આત્મસ્વભાવમાં પહોંચી વળે છે. આવું સ્વસંવેદન જ્ઞાન પ્રગટે ત્યારે ધર્મ થયો કહેવાય.

* અરે, તારા જ્ઞાનથી તું પોતે છાનો રહે – એ કેમ બને ? આત્મા જેમાં પ્રત્યક્ષરૂપ ન થાય – એ જ્ઞાન નથી. સમ્યગ્દર્શન ત્યારે થાય છે કે જ્યારે જ્ઞાન અંતર્મુખ થઈને પોતે પોતાના આત્માને પ્રત્યક્ષ સ્વસંવેદનરૂપ કરે છે.

* સ્વસંવેદનપ્રત્યક્ષપણું તેમાં રાગનું – વ્યવહારનું આલંબન નથી, તેમાં પરમાર્થ સ્વભાવનું જ આલંબન છે. આવું પ્રત્યક્ષપણું તે સ્વસત્તા અવલંબી છે, તેથી તે નિશ્ચય છે; અને પરોક્ષપણું રહે તે પરસત્તાવલંબી હોવાથી વ્યવહાર છે.

* હજી તો આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ અનુભવગમ્ય થાય છે – એવી સ્વઘરની જેને ખબર ન હોય તેને ધર્મ ક્યાંથી થાય ? ને પરઘરમાં ભ્રમણ ક્યાંથી અટકે ? આત્માની સ્વસંવેદન શક્તિને જે ઓળખે તે પોતાના સ્વાનુભવ માટે કોઈપણ રાગાદિ પરભાવનું અવલંબન નહીં; અને જે પરભાવનું આલંબન માને તે આત્મશક્તિને જાણે નહીં.

* તે જ ખરો વિદ્વાન છે કે જે પોતાના જ્ઞાનને અંતરમાં વાળીને પૂર્ણનંદ–સર્વજ્ઞ સ્વભાવી આત્માને પ્રતીતરૂપ તથા સ્વસંવેદનરૂપ કરે છે. આત્માના સ્વસંવેદન વગરનું જેટલું જાણપણું છે તે તો બધું થોથાં છે. જગતના જાદુમાં જીવ મોહાઈ જાય છે પણ પોતાના ચૈતન્યનો મહાન ચમત્કાર છે તેની તેની ખબર નથી. અહો, ચૈતન્ય ચમત્કાર જગતમાં સર્વોત્કૃષ્ટ છે.... જેનું ચિંતન કરતાં અપૂર્વ આનંદ થાય છે.

* ચૈતન્યના સ્વસંવેદનની અદ્‌ભુત મહાનતા છે; ને મિથ્યાત્વમાં અત્યંત હીનતા છે. – પણ જગતને એની ખબર નથી.

* ચૈતન્યનું સ્વસંવેદન કરવા માટે વીરતાથી જે જાગ્યો તે એવું વેવલાપણું – દીનપણું ન કરે કે મારે કાંઈક ઇન્દ્રિયનું આલંબન જોઇશે, કે શુભવિકલ્પનો આધાર જોઇશે. એ તો ચૈતન્યની વીરતાથી કહે છે કે હું ચૈતન્ય – એકલો મારી સ્વસંવેદન શક્તિથી મારા આત્માને પ્રત્યક્ષ કરીશ, તેમાં બીજા કોઇની મદદ મને નથી. મારા ચૈતન્યના અતીન્દ્રિભાવથી હું જાગ્યો–તેમાં બીજાના સહારા કેવા ?

* જેમ ખરે ટાણે રજપૂતની શૂરવીરતા ઉલ્લસી જાય છે તેમ ચૈતન્યને સાધવાના ખરા ટાણે મુમુક્ષુ આત્માની શૂરવીરતા જાગી ઊઠે છે, ને સ્વભાવ તરફ તેની પરિણતિ ઉલ્લસી જાય છે. પોતાના સ્વભાવના ઉલ્લાસ પાસે બીજા કોઈ બાહ્ય ભાવની સામે તે જોતો નથી.

* શુદ્ધનયના આશ્રયે થયેલી જે શુદ્ધપર્યાય, તેને પણ શુદ્ધનયના વિષયમાં ભેળવી દીધી છે, ને તેને જ આત્મા કહ્યો છે; આ રીતે સમયસારની ૧૪મી ગાથાં માં શુદ્ધાત્માની અનુભૂતિને ‘આત્મા’ જ કહી દીધો છે. તે અનુભૂતિમાં કોઈ ભેદ વિકલ્પ નથી, એકલા આનંદસ્વરૂપ આત્માનું સીધું વેદન વર્તે છે.

* વિકલ્પ અને આત્મા વચ્ચે પ્રજ્ઞાનો સીધો ઘા પડે એવો ભાવ જે સમજે તે જ ભગવાનની વાણીને સમજ્યો છે. અહો, ભગવાનની વાણી આત્મા અને વિકલ્પ વચ્ચે ઘા કરીને ભેદજ્ઞાન કરાવે છે, ને અજ્ઞાનરૂપી તાળાં તોડીને ચૈતન્યનાં નિધાન ખોલી નાંખે છે.

* વિકલ્પ અને આત્મા વચ્ચે ઘા કરીને તેને જાુદા કરવાના છે, તે ઘા વિકલ્પવડે ન થઇ શકે પણ જ્ઞાનવડે જ તે ઘા થઈ શકે છે. તે જ્ઞાને આત્માને તો પોતાના જ્ઞાનસ્વરૂપમાં મગ્ન કર્યો ને વિકલ્પને જાુદો કર્યો. આમ રાગથી જાુદું પડીને તે જ્ઞાન મોક્ષ તરફ પરિણમ્યું, આનંદસ્વભાવમાં એકાગ્ર થયું.

* અહો, આવું તત્ત્વ અનુભવમાં લઈને પ્રાપ્ત કરે એવા જીવો તો વિરલા લાખો કરોડોમાં કોઈક હોય છે. આવા તત્ત્વનો પ્રેમ કરીને તેની પ્રાપ્તિની ઝંખના કરનારા જીવો હોય પણ અનુભવ કરનારા તો બહુ જ વિરલા હોય છે. આવી વિરલતા જાણીને, અંતરના અપૂર્વ ઉદ્યમવડે પોતે તે વિરલામાં ભળી જવું.

# "नाटक सुनत हिये फाटक खुलत है"

## સમયસાર નાટક દ્વારા શુદ્ધાત્માનું શ્રવણ કરતાં હૈયાનાં ફાટક ખુલ્લી જાય છે

[ સમયસાર–નાટકનાં અધ્યાત્મરસઝરતાં પ્રવચનોમાંથી ( લેખાંક ૫ ) ]

**હૈયાનાં ફાટક ખોલીને આત્માનો અનુભવ કરાવનારાં આ પ્રવચનો સર્વે જિજ્ઞાસુઓને ખૂબ જ ગમ્યાં છે... તેથી આત્મધર્મમાં આ લેખમાળા ચાલુ જ રહેશે... તદુપરાંત સમયસાર નાટક ઉપરનાં પ્રવચનો પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવાનું પણ માનનીય પ્રમુખશ્રી દ્વારા વિચારવામાં આવ્યું છે.**

* આત્માના અનુભવ વડે પરમ મોક્ષસુખ પમાય છે. અહો, આવા અનુભવરસનું હે જીવો! તમે સેવન કરો. આત્માના અનુભવનો. અને એવા સ્વાનુભવી સંતોનો જેટલો મહિમા કરીએ તેટલો ઓછો છે. પોતે આવો અનુભવ કરવો તે જ સાર છે. આવો અનુભવ કરવાનું સમયસારમાં બતાવ્યું છે, તેથી કહે છે के — 'नाटक सुनत हिये फाटक खुलत है। '

* આત્માના અનુભવમાં અત્યંત પવિત્રતા છે તેથી અનુભવ તે જ પરમાર્થ તીર્થ છે. સમ્મેદશિખર – ગીરનાર – શત્રુંજય વગેરે સિદ્ધક્ષેત્રો શુભભાવના નિમિત્તરૂપ વ્યવહારતીર્થ છે; પણ અહીં તો કહે છે કે મોક્ષને માટે તો આવો અનુભવ તે જ ખરું તીર્થ છે; જેણે સ્વાનુભવ કર્યો તેનો આત્મા પોતે જ પવિત્ર તીર્થ બની ગયો –કેમકે તે ભવસાગરને તરે છે. અસંખ્યપ્રદેશી આત્મા પોતે સ્વાનુભવરૂપ મોક્ષસાધનાની ભૂમિ છે તેથી તે જ તીર્થધામ છે; તેની યાત્રા કરતાં મોક્ષ પમાય છે. શુભરાગને પણ પરમાર્થે તીર્થ નથી કહેતા, શુદ્ધ રત્નત્રયરૂપ અનુભવને જ તીર્થ કહે છે – કે જેના વડે નિયમથી ભવસમુદ્રને તરાય છે.

( – અનુસંધાન પાનાઃ ૩૩ ઉપર )

# મોક્ષને માટે શુદ્ધઆત્માનું ઘોલન

**રાજકોટ શહેરમાં વીર સં. ૨૪૯૭ ના વૈશાખ સુદ પાંચમ વૈશાખ વદ ત્રીજ સુધીના પ્રવચનમાંથી પ્રસાદી**

* મોક્ષને માટે હે જીવ! તારે શુદ્ધ રત્નત્રય કરવા યોગ્ય છે; તે રત્નત્રયના કારણ રૂપ એવા કારણ પરમાત્માને તું અત્યંત શીઘ્ર ભજ, – તે તું જ છો.

* આત્મા પોતે પરમ સ્વભાવરૂપ કારણ પરમાત્મા બિરાજે છે; પર્યાયમાં પરભાવ હોવા છતાં ધર્મી જીવ શુદ્ધ દ્રષ્ટિથી પોતાને કારણ પરમાત્મા રૂપે દેખે છે, તેથી કોઈ પરભાવમાં તેને આત્મબુદ્ધિ થતી નથી, તેનાથી પોતાને જુદો જ દેખે છે.

* આત્મવસ્તુ પરમ મહિમાવંત છે. જો આત્માનો મહિમા ન હોય તો પછી જગતમાં બીજા કોનો મહિમા કરવો? મહિમાવંત વસ્તુ જ પોતાનો આત્મા છે, તેનો મહિમા લાવીને તેને ધ્યેય કર. તેને ધ્યેય કરતાં સમ્યગ્દર્શનરૂપ કાર્ય સહેજે થઈ થશે.

* પરભાવો છે તે પરભાવમાં છે, – તે વખતે હું કેવો છું, હું સહજ ગુણમણિની ખાણ છું, પૂર્ણજ્ઞાન જ મારું સ્રૂપ છે. – એમ પરભાવથી પૃથક્કરણ કરીને ધર્મી પોતાને શુદ્ધ દેખે છે. ને શુદ્ધતાને ભજે છે, પરભાવને ભજતા નથી.

* આત્મા રાગની ખાણ નથી, આત્મા તો શુદ્ધ રત્નોની ખાણ છે. બધા પરભાવોને બાદ કરીને આવા ગુણનિધાન આત્માને એકને જ જે અનુભવે છે તે તીક્ષ્ણ બુદ્ધિ છે, ઇન્દ્રિયોથી પાર થઈને તીક્ષ્ણબુદ્ધિ વડે એટલે કે અતીન્દ્રિય જ્ઞાન વડે તેણે પોતાના શુદ્ધઆત્માને અનુભવમાં લીધો છે.

* શુભરાગમાં ભક્તિમાં દયા–દાનમાં કે શાસ્ત્રના ભણતરમાં રોકાયેલી બુદ્ધિને તીક્ષ્ણબુદ્ધિ નથી કહેતા, તે તો સ્થૂળ છે, અજ્ઞાનીને પણ એવા સ્થૂળભાવ તો આવડે છે. ગુણભેદના વિકલ્પો તે પણ સ્થૂળમાં જાય છે.

* ભગવાન આત્મા, તેના બે અંશઃ એક ત્રિકાળ ધ્રુવ અંશ, એક ઉપજતો–

વિનશતો વર્તમાન અંશ. મોક્ષ અને મોક્ષમાર્ગરૂપ કાર્ય તે બંને પર્યાયરૂપ અંશ છે; તેના વડે પોતાના કારણ પરમાત્માને જ તે ભજે છે. પરમાત્મા પોતાથી કોઈ બીજો નથી, પોતે જ તે છે.

* હે ભવ્ય! પરભાવ હોવા છતાં તેનાથી રહિત જે કારણ પરમાત્માને તું ભજી રહ્યો છે તે બહુ ઉત્તમ કાર્ય છે, માટે હજી વધુ ને વધુ તેને તું ભજ.

* પ્રવીણ બુદ્ધિ તેને કહેવાય કે જે પોતાના પરિપૂર્ણ તત્ત્વને પોતામાં દેખે. પોતે પોતાને જ જે ન દેખી શકે એને પ્રવીણ કેમ કહેવાય? – એ તો અંધ છે.

* ભાઈ, બીજાું તને આવડે કે ન આવડે, તારા આનંદમય સ્વતત્ત્વને દેખવાના અભ્યાસમાં તું પ્રવીણ થા. 'સમયસાર એવું જે પરમ તત્ત્વ, તેના સિવાય બીજાું કાંઈપણ મારામાં નથી' – એમ જે સ્વતત્ત્વને દેખે છે તે શુદ્ધદ્રષ્ટિવંત છે.

* શુદ્ધદ્રષ્ટિથી જોતાં પરમ તત્ત્વ એક જ દેખાય છે. વિભાવ તેમાં નથી. આ રીતે અમારા સહજ તત્ત્વમાં વિભાવ અસત્ છે. વિભાવ અસત્ હોવાથી તેની અમને ચિંતા નથી. સત્રૂપ એવું શુદ્ધ આત્મતત્ત્વ જ અમારા હૃદયમાં સ્થિત છે. તેને જ અમે સતત અનુભવીએ છીએ; તે જ મુક્તિની રીત છે. આ સિવાય બીજી રીતે મુક્તિ નથી – નથી.

* સહજ ચેતનારૂપ અમારા સ્વભાવને જ અમે ચિંતવીએ છીએ, તેનું ચિંતન કરતાં રાગાદિ પરભાવો તો અસત્ થઈ જાય છે; આવા સ્વભાવની કથા તે ધર્મકથા છે.

* ધર્મકથા તેને કહેવાય કે જે રાગને છોડાવે ને વીતરાગતાને પુષ્ટ કરે. જે કથા રાગથી લાભ મનાવીને રાગની પુષ્ટિ કરે તે ધર્મકથા નથી, તે તો અધર્મકથા છે, – પાપકથા છે.

* અમારા સ્વભાવમાં રાગનો કોઈ અંશ છે જ નહિ, અને તે સ્વભાવને અમે અનુભવીએ છીએ, – ત્યાં પરભાવની ચિંતા રહેતી નથી. પરભાવ વગરનો અમારો સત્ સ્વભાવ તેને એકને જ અમે ચિંતવીએ છીએ. તેના ચિંતનમાં મોક્ષનો આનંદ વેદાય છે.

* આત્મામાં સંસારદશા અને સિદ્ધદશા એવી અવસ્થાઓ છે, જો અવસ્થા ન જ હોય તો કાર્ય કરવાનું રહેતું નથી, ને વસ્તુ જ રહેતી નથી; એટલે અશુદ્ધ કે શુદ્ધ અવસ્થાઓ આત્મામાં છે – એમ જાણવું જોઈએ. – આ વ્યવહાર છે. તે વ્યવહારના આશ્રયે નિર્વિકલ્પ જીવનો અનુભવ થતો નથી. નિર્વિકલ્પ સહજ તત્ત્વના અનુભવ વડે બુધપુરુષોને શુદ્ધતા પ્રગટે છે.

* નિર્ણય કરનાર પર્યાય અંદર સ્વભાવ તરફ એકાગ્ર થાય છે. રાગમાં એકાગ્રતા વડે કે પર્યાયમાં એકાગ્રતા વડે સહજ સ્વભાવનો નિર્ણય થતો નથી. જેનો નિર્ણય કરવાનો છે તેની સન્મુખ થવાથી જ તેનો સાચો નિર્ણય થઈ શકે. બીજાની સન્મુખ જોઈને આત્મસ્વભાવનો સાચો નિર્ણય ન થાય.

* શુદ્ધ દ્રષ્ટિવાળા અતિ આસન્ન ભવ્ય જીવોને પોતાનાં અંતરમાં પરમ કારણ પરમાત્મા જ ઉપાદેય છે; તેમાં સહજ સુખનો સાગર ઊછળે છે. કલેશનો જેમાં પ્રવેશ નથી ને સુખનો જે સમુદ્ર છે આવા ઉત્તમ સારભૂત સ્વતત્ત્વમાં બુદ્ધિ જોડીને તેને જ તમે ઉપાદેય કરો.

* બંધ હો કે ન હો, સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ શુદ્ધ જીવના રૂપ થી રહિત છે – એમ જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે – હે ભવ્ય! આ જગપ્રસિદ્ધ સત્યને તું જાણ.

* જુઓ, પરથી ભિન્ન શુદ્ધ જીવને જે બતાવે તેને જ શુદ્ધ વચન કહીએ છીએ. મહાવીર ભગવાન આજે (વૈ૦ સુદ દશમે) કેવળજ્ઞાન પામ્યા.... તેમણે શુદ્ધ વચન વડે આવો શુદ્ધ આત્મા બતાવ્યો.

* શુદ્ધતત્ત્વ ઉપર મીટ માંડતાં શુદ્ધપર્યાય ખીલે છે. આવી શુદ્ધદ્રષ્ટિમાં ધર્મી સમ્યગ્દ્રષ્ટિને કારણ – કાર્ય બંને શુદ્ધ છે. શાસ્ત્રકાર કહે છે કે અહો! પરમાગમના આવા મહાન અર્થને સાર–અસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે જાણે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે; તેને અમે વંદન કરીએ છીએ.

* પર્યાયને ગૌણ કરીને શુદ્ધ અંતરતત્ત્વને દેખો. દ્રષ્ટિની દિશાને દ્રવ્ય તરફ ફેરવીને તેમાં એકાગ્ર થાઓ.

* સર્વજ્ઞના સર્વાંગેથી જે વીતરાગ વાણીનો ધોધ વહ્યો તેમાં ચૈતન્યનું અદ્‌ભુતસ્વરૂપ એવું શુદ્ધ બતાવ્યું કે જેમાં પરભાવનો પ્રવેશ નથી, ઉદયભાવો તો નથી, ને ક્ષાયિકાદિ ભાવોના ભેદોથી પણ જે પાર છે. આવું તત્ત્વ સર્વે વિકલ્પોના રાગથી પાર છે તેથી તે સહજ વૈરાગ્યમય છે.

* આવું સહજ ચૈતન્યતત્વ છે તે સર્વે પરદ્રવ્યોથી ને પરભાવોથી સર્વથા પરાડમુખ છે, એટલે પરથી પરાડમુખ થઈને શુદ્ધ સ્વદ્રવ્યમાં દ્રષ્ટિ કરતાં આવો આત્મા અનુભવાયા છે. અહો, એકલા સ્વદ્રવ્યના આશ્રયે જ મોક્ષમાર્ગ છે.

* સાચો વૈરાગ્ય શુદ્ધ આત્માના આશ્રયે થાય છે. રાગના અંશમાંય લાભની બુદ્ધિ રહે ત્યાં સાચો વૈરાગ્ય નથી. અહીં તો કહે છે કે આત્માનું સહજ તત્ત્વ ત્રણે કાળ રાગવગરનું વૈરાગ્યસ્વરૂપ જ છે,

રાગનો પ્રવેશ તેમાં કદી છે જ નહિ; આવા આત્માને અનુભવનારા જીવો જ સાચા વૈરાગ્યવંત છે.

* પુણ્ય અને પાપ બંનેથી પાર એકલા જ્ઞાનમય જે ભાવ છે તેને જ વૈરાગ્ય કહ્યો છે, ને એવા વિરક્ત જીવો જ જ બંધનથી છૂટે છે; પુણ્યના રાગમાં પણ જે રક્ત છે તે તો બંધાય છે. પુણ્ય સ્વયંબંધન છે, તેના વડે મુક્તિ થતી નથી.
* સ્વદ્રવ્યનું ગ્રહણ કર્યા વિના, અને પર દ્રવ્યનું ગ્રહણ છોડયા વિના, જીવનું કલ્યાણ થાય નહીં. માટે શ્રીમદ્ રાજ રાજચંદ્રજી ( નાની વયમાં પણ અંતરના સંસ્કારથી ) લખે છે કે –

સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ,
પરદ્રવ્યનું ગ્રાહકપણું ત્વરાથી છોડો.

સ્વદ્રવ્યનું તો અતીન્દ્રિય મહાન આનંદથી ભરેલું છે; તે આનંદમાં રમણતા કરો ને પરદ્રવ્યમાં રમણતા છોડો. પરદ્રવ્યમાં રમણતા તે દુઃખ છે, તેને ત્વરાથી છોડો ને સ્વદ્રવ્યના સુખમાં ત્વરાથી લીન થાઓ.

* કોઈને એમ લાગે કે જંગલમાં મુનિને એકલા – એકલા કેમ ગમતું હશે! અરે ભાઈ! જંગલ વચ્ચે નિજાનંદમાં ઝુલતા મુનિઓ તો પરમ સુખી છે; જગતના રાગ–દ્વેષનો ઘોંઘાટ ત્યાં નથી. કોઈ પર વસ્તુ સાથે આત્માનું મિલન જ નથી, એટલે પરના સંબંધ વગર આત્મા સ્વયમેવ એકલો પોતે પોતામાં પરમ સુખી છે. પરના સંબંધથી આત્માને સુખ થાય એવું તેનું સ્વરૂપ નથી. સમ્યગ્દ્રષ્ટિ જીવો પોતાના આવા આત્માને અનુભવે છે અને તેને જ ઉપાદેય જાણે છે.
* તીક્ષ્ણ બુદ્ધિ એટલે સ્વસન્મુખ જ્ઞાન, તેમાં પોતાનો શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. તેમાં બીજું કાંઈ ઉપાદેય નથી, પર્યાય તે શુદ્ધઆત્મામાં ઘૂસી ગઈ ત્યારે તેમાં શુદ્ધાત્મા ઉપાદેય થયો.
* વિકલ્પભાવમાં શુદ્ધ આત્મા ઉપાદેય થતો નથી, અનુભવાતો નથી; શુદ્ધઆત્મા તો સ્વસન્મુખ બુદ્ધિમાં જ ઉપાદેય થાય છે; સ્વસન્મુખબુદ્ધિ તે નિર્વિકલ્પ ભાવ છે, તે વિકલ્પથી પાર છે.
* જુઓ, આ શુદ્ધઆત્માને ઉપાદેય કરવાની રીત! તેને પ્રાપ્ત કરવાની એટલે કે અનુભવમાં લેવાની આ રીત છે.

'આત્મા ઉપાદેય છે' એમ શાસ્ત્રની ધારણા કરી લીધી તેથી આત્મા ઉપાદેય થઈ જતો નથી; પણ જેની બુદ્ધિ સ્વદ્રવ્યમાં ઘૂસી ગઈ છે એવા શુદ્ધદ્રષ્ટિવાળા પુરુષોને પરમાત્મતત્ત્વ ઉપાદેય છે, એમ કહીને અપૂર્વ વાત સમજાવી છે.

* તારે સુખ જોઈતું હોય તો તારા સહજ આત્મસ્વભાવને જ ઉપાદેય કર, એ

સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. પોતાના આત્માને ઉપાદેય કેમ કરવો તેની આ વાત છે.

* અરે બાપુ! તારા તત્ત્વને કઈ રીતે ઉપાદેય કરવું તેની પણ તને ખબર નથી! તેં રાગાદિ પરભાવને ઉપાદેય માન્યા, પણ તારા જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્માને ઉપાદેય કરતાં તને ન આવડયું!

* અતિ આસન્નભવ્ય એવા સમ્યગ્જ્ઞાની મુમુક્ષુ જીવો અંતરદ્રષ્ટિ વડે પોતાના પરમાત્મતત્ત્વને જ ઉપાદેય કરે છે. તે પરમાત્મતત્ત્વ કેવું છે? – કે જયવંત છે. સર્વે તત્ત્વોમાં તે જ એક ઉત્કૃષ્ટ સારભૂત તત્ત્વ છે. સમસ્ત પરભાવોથી તે દૂર છે, ને સુખસાગરનું પૂર છે. મિથ્યાત્વાદિ પાપોને છેદવા માટે તે કુહાડા સમાન છે, અને શુદ્ધજ્ઞાનનો તે અવતાર છે. આવું સારભૂત પરમાત્મતત્ત્વ પોતામાં જયવંત વર્તે છે.

* શુદ્ધ આત્માને જેણે પોતામાં જયવંત સ્વીકાર્યો તેણે પરભાવનો પોતામાં અભાવ કર્યો છે, તેનો તો નાશ કર્યો. નિર્મળ પર્યાય થઈ પણ તે ક્ષણિક પર્યાયના ભેદ ઉપર એનું લક્ષ નથી. તે પર્યાયને અંતરમાં વાળીને શુદ્ધ સમયસાર ઉપર જ મીટ માંડી છે. આવો શુદ્ધઆત્મા તે જ જગતમાં સર્વોત્કૃષ્ટ છે, તે જ આપણું ધ્યેય છે, તે જ સારભૂત છે, તે જ આનંદનો દાતાર છે, સંસારના સર્વ કલેશથી તે પાર છે.

* અહો, આવું તારું તત્ત્વ, તારામાં જ હાજર છે, તેને તું લક્ષમાં તો લે. આવા તત્ત્વની વાત સાંભળવાનું મહા ભાગ્યથી કોઈકવાર મળે છે. આવા તત્ત્વના નિર્ણયમાં જ્ઞાનને રોકવા જેવું છે. બહારની વિદ્યામાં તો કાંઈ સાર નથી, તે તો અસાર છે; સારરૂપ તો શુદ્ધઆત્મા છે.

* તારું સહજ ચૈતન્યતત્ત્વ છે તે સુખનું જ બનેલું છે, તે રાગનું બનેલું નથી, તેમાં પ્રીતિ કે અપ્રીતિ એટલે રાગ કે દ્વેષ નથી, એ તો સહજ આનંદનું જ ધામ છે. રાગ તો બહિર્મુખ છે, ને ચૈતન્યતત્ત્વ તો સર્વથા અંતર્મુખ છે. આવા પોતાના તત્ત્વને અનુભવગોચર કરવું તે ડાહ્યા પુરુષોનું કર્તવ્ય છે. તેઓ જ ખરેખર ડાહ્યા અને વિચારવંત છે કે જેઓ અંતરમાં પોતાના સહજ તત્ત્વની રુચિ કરીને તેને અનુભવગોચર કરે છે.

જેણે સુખનું જ બનેલું એવું પોતાનું શાશ્વતપદ દેખ્યું તે સંસારના દુષ્કૃતરૂપ સુખને કેમ વાંછે? આકાશ જેવો અકૃત આત્મા તે સુખામૃતનો સમુદ્ર છે, તેની રુચિ કરતાં જ સંસારના સુખોની વાંછા છૂટી જાય છે. ચૈતન્યની સુખની સન્મુખ થતાં

સંસારનાં સુખો પણ એકાંત દુઃખ જ લાગે છે.

* અહો, અંતર્મુખ થઈને જેઓ આ પરમ તત્ત્વની ભાવનારૂપે પરિણમે છે. તે ભવ્ય જીવો ભવદુઃખથી છૂટીને મોક્ષસુખને પામે છે. આવું તત્ત્વ દરેક જીવમાં સત્ છે; તેની ભાવના કરતાં ભવનો નાશ થાય છે. રાગ વડે તેની ભાવના નાશ થાય છે. રાગ વડે તેની ભાવના ન થાય, તેમાં અંતર્મુખ પરિણતિ વડે જ તેની ભાવના થાય છે; આ ભાવના રાગ વગરની છે, ને મોક્ષનું કારણ છે.

* સિદ્ધ લોકમાં જેવા સિદ્ધભગવંતો નિજ ગુણ સહિત બિરાજે છે, તેવા જ નિજ ગુણ સહિત તારું તત્ત્વ પણ તારામાં જ બિરાજી રહ્યું છે. આવા તત્ત્વની ભાવના રૂપે પરિણમેલા જીવો વંદનીય છે.

* ધર્મીનું ધ્યેય પોતામાં જ છે, બહારમાં નથી. ધર્મી જાણે છે કે સર્વે વિભાવ ગુણ–પર્યાયોથી રહિત શુદ્ધ અંતઃતત્ત્વ રૂપ મારું સ્વદ્રવ્ય જ મારે ઉપાદેય છે

* –આવા ઉપાદેય તત્ત્વને નકકી કરીને તેની સન્મુખ ઢળ્યો ત્યાં સમસ્ત વિભાવ ભાવોનું લક્ષ છૂટી ગયું એટલે તે હેય થઈ જ ગયા. આને હેય કરું એવા વિકલ્પ વડે કાંઈ પરભાવ છૂટતા નથી. શુદ્ધ સ્વદ્રવ્યનું ગ્રહણ થતાં પરભાવો છૂટી જાય છે.

બાપુ! બીજા ભાવો તો તેં અનંતવાર કર્યો છે, હવે આ તારા પોતાના શુદ્ધતત્ત્વની ભાવના કર તો તેમાંથી પરમ આનંદના ફુવારા છૂટશે. અહો, આવું મારું તત્ત્વ! – એમ અંતરમાં વિચાર અને નિર્ણય કરીને તેનો અનુભવ કરતાં જીવ ન્યાલ થઈ જાય છે.

## સ્વ સંવેદન - મહિમા

**અહા, આત્માના સ્વસંવેદનનો અપાર મહિમા છે. બધા ગુણોનો રસ સ્વસંવેદનમાં સમાય છે. સ્વસંવેદનવડે મોક્ષનાં દ્વાર ખુલ્લી જાય છે. આ સ્વસંવેદનમાં બીજા કોઈનું અવલંબન નથી; એ રાગ વગરનું છે ને ઇન્દ્રિયાતીત મહા આનંદથી ભરેલું છે.**

# સમ્યગ્દર્શનના આઠ અંગની કથા

સમકિતસહિત આચાર હી સંસારમેં ઇક સાર હૈ,
જિનને કિયા આચરણ ઉનકો નમન સોસો વાર હૈ;
ઉનકે ગુણોકે કથનસે ગુણગ્રહણ કરના ચાહિએ,
અરૂ પાપિયોંકા હાલ સુનકે પાપ તજના ચાહિએ.

## ( ૩ ) નિર્વિચિકિત્સા - અંગમાં પ્રસિદ્ધ ઉદાયન રાજાની કથા

**[ પ્રથમ નિઃશંકઅંગમાં પ્રસિદ્ધ અંજનચોરની કથા અને બીજી નિઃકાંક્ષઅંગમાં પ્રસિદ્ધ સતી અનંતમતિની કથા આપે વાંચી; ત્રીજી કથા આપ અહીં વાંચશો. ]**

સૌધર્મ – સ્વર્ગમાં દેવસભા ભરાણી છે, અને ઇન્દ્રમહારાજ દેવોને સમ્યગ્દર્શનનો મહિમા સમજાવી રહ્યા છેઃ અહો દેવો ! સમ્યગ્દર્શનમાં આત્માનું કોઈ અનેરું સુખ છે. એ સુખ પાસે સ્વર્ગના વૈભવની કાંઈ જ ગણતરી નથી. આ સ્વર્ગલોકમાં સાધુદશા નથી થઈ શકતી, પરંતુ સમ્યગ્દર્શનની આરાધના તો અહીં પણ થઈ શકે છે.

મનુષ્યો તો સમ્યકત્વની આરાધના ઉપરાંત ચારિત્રદશા પણ પ્રગટ કરીને મોક્ષ પામી શકે છે. ખરેખર, જે જીવો નિઃશંક્તા, નિઃકાંક્ષા, નિર્વિચિકિત્સા વગેરે આઠઅંગ સહિત શુદ્ધ સમ્યગ્દર્શનના ધારક છે તેઓ ધન્ય છે. એવા સમ્યગ્દ્રષ્ટિ જીવોની આપણે અહીં સ્વર્ગમાં પણ પ્રશંસા કરીએ છીએ.

અત્યારે કચ્છ દેશમાં ઉદાયન રાજા આવા સમ્યકત્વથી શોભી રહ્યા છે, ને સમ્યકત્વના આઠ અંગોનું પાલન કરી રહ્યા છે; તેમાં પણ નિર્વિચિકિત્સાઅંગના પાલનમાં તેઓ ઘણા દ્રઢ છે. મુનિવરોની સેવામાં તેઓ એવા તત્પર છે કે ગમે તેવા રોગાદિ હોય તો પણ તેઓ જરાય જુગુપ્સા કરતા નથી, ને દુર્ગંછા વગર પરમભક્તિથી ધર્માત્માઓની સેવા કરે છે. ધન્ય છે એને ! તેઓ ચરમશરીરી છે.

રાજાના ગુણની આવી પ્રશંસા સાંભળીને વાસવ નામના એક દેવને તે નજરે જોવાનું મન થયું...... અને તે સ્વર્ગમાંથી ઊતરીને મનુષ્યલોકમાં આવ્યો.

* * *

ઉદાયનરાજા એક મુનિરાજને દેખીને ભક્તિપૂર્વક આહારદાન માટે પડગાહી રહ્યા છેઃ પધારો.....પધારો....પધારો...રાણીસહિત ઉદાયન રાજા નવધાભક્તિપૂર્વક મુનિરાજને આહારદાન દેવા લાગ્યા.

અરે, પણ આ શું! ઘણા માણસો ત્યાંથી દૂર ભાગવા લાગ્યા; ઘણા માણસો મુખ આગળ કપડું ઢાંકવા લાગ્યા. કેમકેમ એ મુનિના કાળા – કુબડા શરીરમાં ભયંકર કોઢનો રોગ હતો ને તેમાંથી અસહ્ય દુર્ગંધ છૂટતી હતી; હાથપગના આંગળાંમાંથી પરુ વહેતું હતું.

પરંતુ રાજાને તો એનું કાંઈ લક્ષ નથી; તે તો પ્રસન્ન થઈને પરમ ભક્તિથી એકચિત્તે આહારદાન દઈ રહ્યા છે, ને પોતાને ધન્ય માને છે કે, અહા! રત્નત્રયધારી મુનિરાજ મારા આંગણે પધાર્યા! એમની સેવાથી મારું જીવન સફળ છે.

એવામાં મુનિના પેટમાં એકાએક ઉછાળો આવ્યો, ને એકદમ ઊલટી થઈ; તે ગંદી ઊલટી રાજા – રાણીના શરીર ઉપર પડી. એકદમ ગંધાતી ઉલટી પોતાના ઉપર પડવા છતાં રાજા – રાણીને જરાપણ ગ્લાનિ ન થઈ, કે મુનિરાજ પ્રત્યે જરાપણ અણગમો ન આવ્યો. પણ અત્યંત સાવધાનીથી તેઓ મુનિરાજનું દુર્ગંધી શરીર સાફ કરવા લાગ્યા, અને એમ વિચારવા લાગ્યા કે અરેરે! અમારા આહારદાનમાં કાંઈક ભૂલ થઈ ગઈ લાગે છે કે જેને કારણે મુનિરાજને આટલું બધું કષ્ટ પડયું.... મુનિરાજની પૂરી સેવા અમારાથી ન થઈ શકી....

હજી તો રાજા આ વિચારે છે, ત્યાં તો તે મુનિ એકાએક અલોપ થઇ ગયા, ને તેમના સ્થાને એક દેવ દેખાયો; અત્યંત પ્રશંસાપૂર્વક તેણે કહ્યુંઃ 'હે રાજન! ધન્ય છે તમારા સમ્યકત્વને, અને ધન્ય છે તમારી નિર્વિચિકિત્સાને! ઇન્દ્રમહારાજે તમારા ગુણની જેવી પ્રશંસા કરી હતી એવા જ ગુણ મેં નજરે જોયા. રાજન્! મુનિના વેશે હું જ તમારી પરીક્ષા કરવા આવ્યો હતો. ધન્ય છે આપના ગુણોને...' એમ કહીને દેવે તેને નમસ્કાર કર્યા.

ખરેખર કોઈ મુનિરાજને કષ્ટ નથી થયું – એમ જાણીને રાજાનું ચિત્ત પ્રસન્ન થયું

અને તેણે કહ્યું: હે દેવ! આ મનુષ્ય શરીર તો સ્વભાવથી જ મલિન છે, ને રોગાદિનું ઘર છે; તે અચેતન શરીર મેલું હોય તેથી આત્માને શું? ધર્મીનો આત્મા તો સમ્યક્ત્વાદિ પવિત્ર ગુણોથી જ શોભે છે. શરીરની મલિનતા દેખીને ધર્માત્માના ગુણ પ્રત્યે જે અણગમો કરે છે તેને આત્માની દ્રષ્ટિ નથી પણ દેહની જ દ્રષ્ટિ છે. અરે, ચામડાના શરીરથી ઢંકાયેલા આત્મા અંદર સમ્યગ્દર્શનના પ્રભાવથી શોભી રહ્યો છે, તે પ્રશંસનીય છે.

ઉદાયન રાજાની આવી સરસ વાત સાંભળીને તે દેવ ઘણો પ્રસન્ન થયો, અને તેમને અનેક વિદ્યાઓ આપી, વસ્ત્રાભૂષણ આપ્યાં; – પણ ઉદાયન રાજાને કયાં તેની વાંછા હતી? તેઓ તો બધો પરિગ્રહ છોડીને વર્દ્ધમાન ભગવાનના સમવસરણમાં ગયા, અને દીક્ષા લઈ મુનિ થઈ કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષ પામ્યા. સમ્યગ્નર્શનના પ્રતાપે તેઓ સિદ્ધ થયા, તેમને નમસ્કાર હો.

**[ આ નાની કથા આપણને એવો મોટો બોધ આપે છે કે - ધર્માત્માના શરીરાદિને અશુચી દેખીને પણ તેના ધર્મ-પ્રત્યે ગ્લાનિ ન કરો, તેના સમ્યક્ત્વાદિ પવિત્ર ગુણોનું બહુમાન કરો. ]**

## અષ્ટપ્રાભૃતની પૂર્ણતા પ્રસંગે

**અમારો આત્મા જ્ઞાન-દર્શન- ચેતનાસ્વરૂપ છે; આવો સ્વભાવ તે અમારું શીલ છે. અંતરના આવા સ્વભાવની ભાવનાથી શીલરૂપ થઇને જેઓ મોક્ષ પામ્યા તેમને નમસ્કાર હો.**

**પંચપરમેષ્ઠી ભગવંતો શીલસ્વરૂપ છે; બ્રહ્મરૂપ આત્માનો ચેતન સ્વભાવ, તેની આરાધનારૂપ શીલ છે, તે મોક્ષનું કારણ છે. આત્મા તરફ વળેલું જ્ઞાન તે પરવિષયોથી વિરક્ત છે, તેથી તે બ્રહ્મરૂપ છે - શીલરૂપ છે. આવા શીલસ્વરૂપ પંચપરમેષ્ઠી ભગવંતો ઉત્તમ અને મંગલરૂપ છે. તેમનું હું શરણ લઉં છું - જેથી જન્મ-મરણનો અંત થઈને મને જિનપદની પ્રાપ્તિ થાય.**

# આપના પ્રશ્નોના જવાબ

**વૈશાખ સુદ બીજ નિમિત્તે રજુ કરેલી આ પ્રશ્નોત્તરી યોજનામાં સર્વે જિજ્ઞાસુઓએ ઉત્સાહ બતાવ્યો છે. રાજકોટ વગેરેમાં અનેક જિજ્ઞાસુઓએ આ વિભાગ ચાલુ રહે એવી ઇચ્છા બતાવી છે. તે હમણાં દીવાળી સુધી આ વિભાગ ચાલુ રહેશે. ગતાંકમાં ૬૦ પ્રશ્નોના જવાબ આવેલા હતા. આ અંકે બીજા પ્રશ્નો તથા તેના જવાબ આપવામાં આવે છે. આપ પણ આપના પ્રશ્નો મોકલી શકો છો. ( સં૰ )**

૬૧ પ્રશ્ન :– રત્નત્રયને કેમ શોધવા ? ( પોરબંદર )

ઉત્તર :– ચૈતન્ય દરિયામાં ડુબકી મારીને.

૬૨ પ્રશ્ન :– ત્રણ જાતની ક્રિયા કઇ ?

ઉત્તર :– ચેતનારૂપ ક્રિયા; રાગાદિ વિકારરૂપ ક્રિયા; અને ત્રીજી જડની ક્રિયા.

૬૩ પ્રશ્ન :– જ્ઞાનીની ક્રિયા કઈ ?

ઉત્તર :– જડથી જુદી ને રાગથી રહિત એવી ચૈતન્યક્રિયા તે જ્ઞાનીની ક્રિયા છે, તે ધર્મની ક્રિયા છે, તે મોક્ષની ક્રિયા છે.

૬૪ પ્રશ્ન :– શાસ્ત્રમાં જ્ઞાન નથી, અને છતાં શાસ્ત્રો આત્મા સમજાવે છે–એ કઇ રીતે ?

ઉત્તર :– શબ્દરચનાના સમૂહરૂપ જે શાસ્ત્ર છે તે પુદ્ગલની બનેલી છે, તેથી તેનામાં જ્ઞાન નથી; પણ જ્ઞાનીને પોતાનો જે અંતરનો ભાવ હતો તે તેમણે વાણી દ્વારા વ્યક્ત કર્યો છે, અને તે વાણીનું વાચ્ય જો સમજીએ તો આપણને આત્મા જરૂર સમજાય છે.

૬૫ પ્રશ્ન :– પર્યુષણમાં આપણે રથયાત્રા કેમ કાઢીએ છીએ ? ( રંજનબેન એમ. જૈન વઢવાણ )

ઉત્તર :– માત્ર પર્યુષણમાં નહિ પણ ધાર્મિક ઉલ્લાસના કોઈપણ પ્રસંગે રથયાત્રા

કાઢીએ છીએ, તે દ્વારા આપણે આપણા ભગવાનનું બહુમાન કરીએ છીએ, ધર્મનો હર્ષોલ્લાસ પ્રગટ કરીએ છીએ, અને બીજા જીવોમાં પણ તે દેખીને ધર્મનો મહિમા પ્રસિદ્ધ થાય છે તથા પ્રભાવના થાય છે. વળી રથયાત્રામાં ચાલતી વખતે જાણે કે ભગવાનના સમવસરણની સાથે આપણે વિહાર કરતા હોઈએ – એવા ભાવ જાગે છે. આપણો જે ઉત્સવ હોય તે રથયાત્રા દ્વારા સમાજમાં પ્રસિદ્ધ થાય છે. રથયાત્રા નિમિત્તે સાધર્મીઓનું પરસ્પર મિલન થાય છે.

૬૬ પ્રશ્ન :– ચૌદ ગુણસ્થાનક શું છે ?

ઉત્તર :– મોહ અને યોગના નિમિત્તે આત્માના શ્રદ્ધા – ચારિત્ર વગેરે ગુણોની અવસ્થાનાં જે સ્થાનો છે તેને ગુણસ્થાન કહેવાય છે. આમ તો તેના અસંખ્ય પ્રકાર છે, પણ સિદ્ધાંતમાં ૧૪ પ્રકાર પાડીને તેનું સ્વરૂપ સમજાવ્યું છે. આ સંબંધી વિશેષ વિવેચન કોઈવાર આપીશું.

૬૭ પ્રશ્ન :– મોક્ષસુખ માટે શું કરવું જોઈએ ?

ઉત્તર :– મોક્ષસુખનો ભંડાર જેમાં ભરેલો છે એવા પોતાના આત્માને જાણીને તેમાં લીનતા કરતાં મોક્ષસુખ થાય છે. ( જે સુખ પોતામાં છે – તે અનુભવાય છે; સુખ બીજેથી આવતું નથી. માટે પહેલાં નક્કી કરવું કે ‘હું સુખી છું’ આત્મા જેમ જ્ઞાનસ્વરૂપ છે, તેમ સુખસ્વરૂપ પણ છે. )

૬૮ પ્રશ્ન :– શુદ્ધ જ્ઞાનસ્વભાવી આત્મા પોતે વિકારનું કારણ છે ?

ઉત્તર :– ના.

૬૯ પ્રશ્ન :– આત્માથી ભિન્ન એવું પરદ્રવ્ય આત્માને વિકારનું કારણ છે ?

ઉત્તર :– ના.

૭૦ પ્રશ્ન :– નથી તો આત્મા વિકારનું કારણ, નથી પરદ્રવ્ય વિકારનું કારણ, તો રાગાદિ વિકારનું કારણ છે કોણ ?

ઉત્તર :– જ્ઞાનસ્વભાવી આત્મા પોતાના સ્વભાવનો સંગ છોડીને, બાહ્ય–વલણ વડે પરદ્રવ્યનો સંગ કરે છે, આ પરસંગનો જે વિકારી ભાવ છે જ વિકારનું કારણ છે. જીવ જો પરસંગ ન કરે ને પોતાના જ્ઞાનસ્વભાવમાં જ સ્થિર રહે તો તેને રાગાદિ વિકાર થતો નથી. માટે સ્વ–પરના ભેદજ્ઞાન વડે રાગ સ્વભાવ સાધી લેવો, તેમાં શુદ્ધચેતના પ્રગટે છે, તથા વચનાતીત સુખશાંતિ અનુભવાય છે. આવા

અનુભવ વડે વિકારની ઉત્પત્તિ અટકી જાય છે.

૭૧ પ્રશ્ન :– ધર્મીનું જીવન કેવું છે?

ઉત્તર :– રાગ કરવાનો ચેતનાનો સ્વભાવ છે જ નહીં. રાગ વગર જ આત્મા જીવે છે. આત્મા પોતાની ચેતનાથી જીવે છે, ચેતનાથી જ તેનું અસ્તિત્વ છે, તેને માટે રાગની જરૂર નથી. રાગવડે આત્માનું જીવન માનવું તે તો આત્માને હણવા જેવું છે, તેમાં મહાન દુઃખ છે. શરીર વિના હું ટકીશ ને રાગ વિના પણ હું ટકીશ, તે બંનેથી રહિત આનંદમય ચેતનાથી આત્મા સ્વયં જીવન જીવે છે. – આવા પોતાના જીવનને ધર્મી જાણે છે.

૭૨ પ્રશ્ન :– જ્ઞાની શું કરે છે? અજ્ઞાની શું કરે છે?

ઉત્તર :– જ્ઞાની શુદ્ધચેતનરૂપ પોતાના વસ્તુસ્વભાવને જાણે છે; આવા પોતાના વસ્તુ સ્વભાવમાં રહેલો જ્ઞાની રાગાદિનો કર્તા થતો નથી, પણ ચેતનારૂપ જ રહે છે; ચેતન સ્વભાવમાં રાગાદિક છે જ નહીં. જે જીવ પોતાના શુદ્ધ વસ્તુસ્વભાવને નથી જાણતો અને રાગાદિક પરભાવરૂપે પોતાને અનુભવે છે તથા પરદ્રવ્યની મમતારૂપે પરિણમે છે તે અજ્ઞાની જીવ રાગાદિ ભાવોનો કર્તા થાય છે.

૭૩ પ્રશ્ન :– મુક્તિનો ઉપાય શું? સંસારનું કારણ શું?

ઉત્તર :– જ્ઞાનસ્વભાવ અને રાગનું ભેદજ્ઞાન તે જ મુક્તિનો ઉપાય છે; અને જ્ઞાન સાથે રાગની ભેળસેળરૂપ અજ્ઞાન તે જ સંસારનું કારણ છે.

૭૪ પ્રશ્ન :– પરદ્રવ્ય જીવ વિકાર કરાવે – એમ માનનારો જીવ કેવો છે?

ઉત્તર :– મૂરખો છે. પોતાના સ્વભાવને રાગાદિથી જુદો અનુભવીને સ્વયં જ્ઞાનરૂપ થયેલ જ્ઞાનીને, જગતનો કોઈ પદાર્થ રાગાદિ કરાવી શકતો નથી. પરદ્રવ્ય જીવને રાગાદિ કરાવે એમ જે માને છે તેને શાસ્ત્રકારોએ મૂરખ કહ્યો છે ( કોઈ મૂરખ યોં કહે – રાગાદિક પરિણામ, ઉદયકી જોરાવરી વરતે આતમરામ. – સમયસાર નાટક )

૭૫ પ્રશ્ન :– વિકારનો કર્તા કોણ ? રાગાદિ વિકારનો કર્તા જીવ માનો તો મિથ્યાત્વ થાય છે? અને વિકારનો કર્તા જડકર્મને માનો તો તેમાં પણ મિથ્યાત્વ થાય છે? એટલે વિકારનો કર્તા જડકર્મને માનો તો તેમાં પણ મિથ્યાત્વ થાય છે? એટલે વિકારનો કર્તા જીવ કહેશો તોપણ તમને દોષ આવશે, ને વિકારનો કર્તા કર્મ કહેશો તોપણ દોષ આવશે?

ઉત્તર :– ભાઈ! જરા શાંત થઈને આ વાત સમજવા જેવી છે. પ્રથમ, વિકાર તે

જીવની પર્યાય છે એટલે તેનો કર્તા પણ જીવ છે, ને પુદ્‌ગલકર્મ તેનું કર્તા ખરેખર નથી.

હવે જીવની પર્યાયમાં જે વિકાર છે તેનું કર્તૃત્વ પણ તેની પર્યાયમાં જ છે, – અને એમ જાણવું તે કાંઈ મિથ્યાત્વ નથી, તે તો પર્યાયનું યથાર્થ જ્ઞાન છે.

સાથે મુખ્ય વાત એ છે કે, પર્યાયમાં વિકારનું જે કર્તૃત્વ છે તે જીવનો મૂળ સ્વભાવ નથી; જીવના મૂળ જ્ઞાનસ્વભાવની દ્રષ્ટિથી જ્યારે જોવામાં આવે ત્યારે જીવમાં રાગાદિ વિકારનું કર્તૃત્વ નથી. તેમજ તે સ્વભાવ તરફ ઝુકેલી જે શુદ્ધપર્યાય છે તે શુદ્ધપર્યાયમાં પણ રાગાદિનું કર્તૃત્વ નથી. આ રીતે શુદ્ધસ્વભાવને અનુભૂતિમાં લઈને રાગાદિના અકર્તાપણે પરિણમવું તે ધર્મીનું કાર્ય છે. (અને આ રીતે ધર્મીની દશાનું રાગથી ભિન્નપણું બતાવવા, તથા તેનું કર્તૃત્વ છોડાવીને શુદ્ધસ્વભાવની દ્રષ્ટિ કરાવવા તે રાગાદિનો કર્તા જીવ નથી એમ પણ કહેવાય છે.)

ધર્મીને સાધકભાવ વખતે એક પર્યાયમાં જ્ઞાન અને રાગ બંને પરિણામ એક સાથે વર્તતા હોય છતાં તેમાં જે જ્ઞાનપરિણતિ છે તેમાં રાગનું કર્તૃત્વ નથી; તે જ્ઞાન પરિણતિ રાગથી જુદી જ છે – આમ બંનેની ભિન્નતાની સૂક્ષ્મ ઓળખાણ તે અપૂર્વ ભેદ જ્ઞાન છે. એવા ભેદજ્ઞાનના બળે વીતરાગતા થતાં રાગનું કર્તૃત્વ કોઇ પ્રકારે રહેતું નથી, રાગ ઉત્પન્ન જ થતો નથી. આ રીતે દ્રવ્ય–પર્યાયરૂપ વસ્તુધર્મને, અને તેમાં સ્વભાવ તથા વિભાવને બરાબર જાણતાં કોઈપ્રકારે મિથ્યાપણું રહેતું નથી, સમ્યગ્જ્ઞાન થાય છે, ને જ્ઞાનના બળે વિકાર છૂટીને શુદ્ધતા થતી જાય છે.

(– વિશેષ આવતા અંકે)

## રત્નત્રયનો ભક્ત

**રત્નત્રયનો જે ભક્ત છે એટલે કે રત્નત્રયનો જે આરાધક છે તે જીવ પોતાના ગુણધામ આત્માને જ ધ્યાવે છે, આત્માથી ભિન્ન અન્ય કોઈ પદાર્થને તે ધ્યેયરૂપ માનતો નથી. રત્નત્રયની આરાધના તો શુદ્ધઆત્માના જ આશ્રયે થાય છે. તેથી શુદ્ધઆત્માને જે ધ્યાવે છે તે જ રત્નત્રયનો ભક્ત છે, તે જ મોક્ષમાર્ગનો સાધક છે.**

# ગુરુદેવ સાથે ગગનયાત્રા

( લે. બ્ર. હરિલાલ જૈન )

અમદાવાદથી જયપુર જતાં ગુરુદેવ સાથે વિમાનમાં બેઠા બેઠા આકાશમાં અગિયાર હજાર ફૂટ જેટલી ઊંચાઈએથી આ લખાઈ રહ્યું છે. વૈશાખ વદ પાંચમની બપોરે પૂ. ગુરુદેવ સાથે અમદાવાદથી જયપુર જઈ રહ્યા છીએ. ત્રીસ મુમુક્ષુ યાત્રિકોને લઈને વિમાન આકાશમાં ઊડી રહ્યું છે. વિમાનને કદાચ ગૌરવ થતું હશે કે જેમ હું ગગનમાં ઊંચે ઊંચે ઊડું છું તેમ અંતરના નિરાલંબી જ્ઞાનગગનમાં ઊડનારા ત્રણ ત્રણ પવિત્ર સંતોની ચરણરજ આજ મને પ્રાપ્ત થઈ છે! સાથે એમના ભક્તો મને એ સંતોનો મહિમા સમજાવી રહ્યા છે.... આવા ગૌરવ પૂર્વક વિમાન તો ઊંચે ને ઊંચે ઊડી રહ્યું છે. નીચે તદ્દન નાનકડી દેખાતી વિશાળ પૃથ્વી જ્ઞાનની મહાનતાને પ્રસિદ્ધ કરી રહી છે. અઢીસો માઈલ જેટલી ઝડપથી ગમન થતું હોવા છતાં, જાણે અત્યંત ધીરે ધીરે શાંતિથી પ્રવાસ થતો હોય – એવું જ લાગે છે, તે એમ બતાવે છે કે ગમે તેટલું ઝડપથી કામ કરવા છતાં જ્ઞાન પોતે શાંત અને ધીરા સ્વભાવવાળું છે – તેમાં આકુળતા નથી. દુનિયા તો ઘણી નાની છે, જ્ઞાન ઘણું વિશાળ છે.

અહા, ગુરુદેવ સાથે દુનિયાથી અત્યંત દૂર દૂર કોઈ ધર્મનગરીમાં જઈ રહ્યા છીએ.... એવું જ લાગે છે. અને, માર્ગદ્રષ્ટા સન્તો આમ ને આમ અત્યંત દૂર દૂર લઈ જઈને અમને ઠેઠ વિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાનના દર્શન કરાવશે કે શું! – એમ વિદેહના પ્રભુજીના દર્શનની ભાવના જાગે છે.... ગુરુદેવ સાથે મોક્ષવિહારની ભાવના જાગે છે.

અમદાવાદથી સેંકડો ભક્તોએ જયજયકાર પૂર્વક વિદાય આપી ને ત્રણ ને દશ મિનિટે વિમાન ઊપડયું ત્યારબાદ તરત જ ગુરુદેવ તો પોતાના કોઈ ગંભીર ચિંતનમાં બેઠા છે... ને કોઈવાર જ્ઞાનથી ભિન્ન એવી દુનિયાનું દ્રશ્ય વિમાનની બારીમાંથી દેખી રહ્યા છે – ત્યારે બીજા ભક્ત યાત્રિકો તો ગુરુદેવ સાથેની ગગનવિહારી યાત્રાના હર્ષોલ્લાસમાં મગ્ન બની રહ્યા છે, ને હૃદયની ભક્તિ વ્યક્ત કરવા ઈન્તેજાર બની રહ્યા છે... પૂ. બેનશ્રી – બેનની અદ્‌ભુત જોડલી પણ ગુરુદેવ સાથેના આ ગગનવિહારી પ્રસંગે વિદેહક્ષેત્રના મધુર સંભારણામાં મશગુલ દેખાય છે.... ને અનેરી ભાવનામાં ઝુલે છે.

હવે ગુજરાતની સરહદ પસાર કરીને રાજસ્થાનમાં પ્રવેશી રહ્યા છીએ.... ને લગભગ આબુ પરથી પસાર થઈ રહ્યા છીએ ત્યારે, પૂ. બંને માતાઓએ આનંદ પ્રમોદ પૂર્વક જ્ઞાનગગનમાં વિહરનારા ગુરુદેવના જયજયકાર કરીને ભક્તિ ગગડાવવી શરૂ કરી–

* જય બોલો જય બોલો શ્રી વીરપ્રભુકી જય બોલો.....
જય બોલો જય બોલો ગગનવિહારી ગુરુકી જય બોલો.....

* હિલમિલકર સબ ભક્તો ચાલો.... જિનેંદ્રોકે ધામમેં.....
ગગનવિહારી યાત્રા થાયે.... કહાનગુરુકી સાથમેં.....
ગુરુદેવકી સાથે ચાલો.... જૈનપુરીકે ધામમેં.....
જૈનપુરીકે ધામમેં.... જિનેન્દ્રોં કે ધામમેં.....
ટોડરમલકે ગામમેં.... શ્રી ગુરુવરકી સાથમેં.....

* તુજ પાદ પંકજ જ્યાં થયા તે દેશને પણ ધન્ય છે;
તારા ક્યાં દર્શન અહા! તે લોક પણ કૃતપુણ્ય છે.

* સાગર ઊછળ્યો ને જાણે લહેરીઓ ચડી,
મારા ગુરુજીની વાણી એવા ગગને અડી.....

—એમ અનેકવિધ ભક્તિ કરતાં કરતાં જયપુર તરફ જઈ રહ્યા છીએ. વૈશાખ માસની ધોમધખતી ગરમીના ચાર વાગ્યા છે, પણ અમને સૌને તો ઠંડક જ અનુભવાય છે.... ગુરુચરણની શીતલ છાયામાં તો ચૈતન્યની ઠંડક જ હોય ને? – જ્યાં જગતના કોઈ આતાપ ન પહોંચી શકે ત્યાં સૂર્યનો આતાપ ક્યાંથી પહોંચે?

હજી તો ભક્તિની ધૂન જામી રહી છે ત્યાં તો વિમાન નીચે ઊતરવા લાગ્યું.... કેમકે વચ્ચે ઉદેપુર આવ્યું.... ઉદેપુરના વિમાન મથકે સેંકડો મુમુક્ષુ ભક્તજનોએ ગુરુદેવના દર્શન કરીને, ગુરુદેવ સહિત યાત્રિકોનું સ્વાગત કર્યું.... ગુરુદેવે આનંદપૂર્વક ચૈતન્યતત્ત્વનો અદ્‌ભુત મહિમા સંભળાવ્યો... અહા, ગુરુદેવે તો આકાશમાંથી ઊતરીને અમને આત્મસ્વભાવ સંભળાવ્યો! – એમ ઉદેપુરના મુમુક્ષુજનો ખૂબ પ્રસન્ન થયા.

ઉદેપુર લગભગ અડધી કલાક રોકાઈને સાડાચાર વાગે ફરી ગગનવિહાર શરૂ થયો..... ભક્તિ પણ ચાલુ થઈ... એમ સંતો સાથે આનંદ કરતાં કરતાં, ઉત્તમ ભાવના ભાવતાં ભાવતાં જૈનપુરી – જયપુર તરફ જઈ રહ્યા છીએ... જયપુર તરફ સવાર અને

સાંજ બંને ( સૌરાષ્ટ્ર કરતાં ) અડધો કલાક વહેલા થાય, એટલે સવાપાંચ વાગતાં સાંજનું ભોજન ગુરુદેવે વિમાનમાં જ કરી લીધું... આકાશમાં આહારદાનનો પ્રસંગ દેખી ભક્તો ખુશી થયા... એવામાં તે જયપુર આવી ગયું... સાડાપાંચ વાગે વિમાન જયપુર મથકે ઉતર્યું..... શેઠશ્રી પૂરણચંદજી ગોદિકાની અધ્યક્ષતામાં જયપુરના મુમુક્ષુઓએ ઉમંગથી સ્વાગત કર્યું... ને ગુરુદેવ સાથેની આ વિમાન યાત્રા પૂરી થઈ... ( લગભગ આપ આ વાંચતા હશો ત્યારે તા. ૫ જુને, ગુરુદેવ યાત્રિકો સહિત ફરીને જયપુરથી અમદાવાદની ગગનયાત્રા કરી રહ્યા હશે... સંતત્રિપુટી સાથે ગગનયાત્રાનો જય હો ! )

* * *

## જૈનધામ જયપુર નગરીમાં-

જયપુર નગરીમાં બીજે દિવસે વૈશાખ વદ છઠ્ઠને રવિવારે શહેરના બડા મંદિરજીમાં દર્શન કર્યાં બાદ, ગુરુદેવનું ભવ્ય સ્વાગત થયું. જયપુરના તેમ જ બહારગામથી આવેલા હજારો મુમુક્ષુઓએ ભાવભીનું સ્વાગત કર્યું. એક તો જયપુર નગરી પોતે જ સુશોભિત છે, તેમાં વળી અનેક ઠાઠ – માઠ સહિત ઉલ્લાસપૂર્ણ ભાવથી સ્વાગત થયું, તે વખતે જયપુર ખરેખર જૈનપુરી જ બન્યું હતું... ગુજરાતી લોકોનો સફેદ પોષાક અને રાજસ્થાની લોકોનો પચરંગી પોષાક ભેળસેળ થઈને સાધર્મી મિલનનું સુંદર વાતાવરણ સર્જાતું હતું, ને એમ બતાવતું હતું કે ધાર્મિક ભાવનામાં દેશ વેષના કોઈ ભેદ નડતા નથી............ સાધર્મી મિલનનું સુંદર દ્રશ્ય જોઈને આનંદ થતો હતો.

નગરીના મુખ્ય રસ્તાઓ પર ફરતું ફરતું. પચાસ જેટલા દ્વારો ( અકલંક દ્વાર, કુંદકુંદ દ્વાર, ટોડરમલ દ્વાર, જયચંદ દ્વાર, વગેરે ) વચ્ચેથી પસાર થઈને જૈન વિદ્વાનો ને સંતોનો મહિમા ફેલાવતું સ્વાગત રામલીલા મેદાનમાં પહોંચ્યું ને ત્યાં ગુરુદેવે માંગલિક સંભળાવીને ચૈતન્યતત્ત્વનો પરમ મહિમા પ્રસિદ્ધ કર્યો.

જયપુરમાં શેઠશ્રી પૂરણચંદજી ગોદિકાના ભવનમાં ગુરુદેવ વિરાજમાન છે.... ને સવાર બપોર પં. ટોડરમલ – સ્મારક ભવનના વિશાળ સુસજ્જ હોલમાં પ્રવચન દ્વારા અધ્યાત્મરસ વરસાવી રહ્યા છે. જયપુરની અને ગામેગામની મુમુક્ષુ જનતા આનંદથી લાભ લઇ રહી છે. પ્રવચન પછી ઠેરઠેર વીતરાગ વિજ્ઞાનના શિક્ષણ વર્ગો ચાલી રહ્યા છે. જયપુરમાં જુદા જુદા વીસ જેટલા શિક્ષણ વર્ગો ચાલી રહ્યા છે ને નાના–મોટા હજારો જિજ્ઞાસુઓ વીતરાગી વિદ્યાનો લાભ લઈ રહ્યા છે. વીતરાગ વિજ્ઞાનના પ્રચારનો મોટો ઉત્સવ ચાલી

જયપુરના વિમાન મથક પર સ્વાગત માટે આતુર ભક્તજનો



ભક્તજનો આકાશ તરફ મીટ માંડી રહ્યા છે: ‘એ.... વિમાન આવ્યું....
હમણાં ગુરુદેવ ઊતરશે ને આપણે દર્શન કરીશું... ’

તુજ પાદપંકજ જ્યાં થયા તે દેશને પણ ધન્ય છે



ગુરુદેવ પ્રસન્નચિત્ત વિમાનમાંથી ઊતરી રહ્યા છે. શેઠશ્રી પૂરણચંદજી ગોદિકા વગેરે હર્ષોલ્લાસપૂર્વક સ્વાગત કરતાં કહે છે કે-

**‘પધારો ગુરુદેવ પધારો... અમારી જયપુર નગરી આજ પાવન થઈ’**



વૈશાખ વદ પાંચમ ( તા. ૧૫-૫-૭૧ ) સાંજે સાડાપાંચ વાગે જયપુર વિમાન મથક પર ભક્તજનો ગુરુદેવનું સ્વાગત કરી રહ્યા છે.

ગુરુદેવ સાથેના ગગનવિહારી યાત્રિકો.... વિમાન મથકની બહાર આવતાં-





ગુરુદેવ ! આપે ગગન-યાત્રા તો કરાવી, હવે વિ-દેહયાત્રા કરાવો...
ને ઠેઠ લોકશિખર સુધીની સિદ્ધાલયયાત્રામાં અમને આપની સાથે રાખો,
એવી ભાવના ભાવી રહ્યા છે.

ગુરુદેવ સાથે યાત્રા કરતાં આનંદનો નહિ પાર જો....




ગુરુદેવ સાથે અમે પણ ગગનવિહારી યાત્રા કરી - એવી પ્રસન્નતાપૂર્વક બહેનો વિમાનમાંથી બહાર આવી રહ્યા છે

# જયપુર શહેરમાં સ્વાગતની શરૂઆતનું ભવ્ય દ્રશ્ય



વૈશાખ વદ છઠ્ઠે જયપુરનગરીમાં બડા મંદિરેથી પૂ. ગુરુદેવના સ્વાગતનું ભવ્ય જુલુસ શરૂ થયું... ઝવેરી બજારમાં થઈને રામલીલા મેદાનમાં આવ્યું.

## ઝવેરી બજારમાંથી પસાર થઈ રહેલ સ્વાગતયાત્રાનું દૃશ્ય



આ જૈનનગરી આજે જૈનધર્મના જયજયકારથી ગાજી રહી છે... જ્યાં સેંકડો જિનાલયો છે... ને લાખો જિનબિંબો છે. તે નગરીમાં ગુરુદેવ જૈનધર્મનું સ્વરૂપ સમજાવશે.

## આવા આત્માનું લક્ષ કરવું તે અપૂર્વ મંગળ છે—




જયપુરમાં સ્વાગત પછી મંગલાચરણમાં ગુરુદેવ અતિ પ્રમોદથી કહે છે કે ભગવાન આત્મા સર્વે તત્ત્વોમાં સારભૂત છે; તેના અચિંત્ય મહિમાને લક્ષમાં લેતાં આનંદનું પૂર આવે છે, તે મંગળ છે.

**જયપુરની મંગલ-સભાનું એક દૃશ્ય—**




હજારો શ્રોતાજનો આનંદપૂર્વક ગુરુદેવના શ્રીમુખથી મંગળ ઝીલી રહ્યા છે.
ગુજરાતી અને મારવાડી બહેનોના રંગબેરંગી પોષાકનું મિશ્રણ એક
રંગોળી જેવું વાતાવરણ સર્જે છે.

શ્રી ટોડરમલ સ્મારક ભવનમાં પ્રવચન શરૂ થાય છે-



આ સમયસારની છઠ્ઠી ગાથા છે. આનંદનો પિપાસુ જીવ પૂછે છે કે
પ્રભો ! કે શુદ્ધઆત્માનું સ્વરૂપ કેવું છે ? તેને આચાર્યદેવ જ્ઞાયકભાવ સમજાવે છે.

ગુરુદેવ ! અમને બહુ ગમે છે આ શુદ્ધાત્માની વાત...



મંગલ પ્રવચનમાં શુદ્ધાત્માના મહિમાની વાત હજારો શ્રોતાજનો
એકતાપણે ઝીલી રહ્યા છે. શ્રોતાઓની વિશાળસભાનું એક દ્રશ્ય

## જયપુર નગરીમાં સ્વાગતનું એક દ્રશ્ય



આનંદ-મંગળ આજ હમારે, આનંદ-મંગળ આજ જી...
જયપુર શહેરમાં ગુરુજી પધાર્યા, વર્ત્યો જયજયકારજી...

રહ્યો છે. જ્યાં જુઓ ત્યાં વીતરાગ વિજ્ઞાનનું ભણતર અને તેની જ ચર્ચા દેખાય છે. સવારમાં તો સીમંધર ભગવાન સન્મુખ સેંકડો ભક્તોની ભીડ જામે છે ને પૂજન ભક્તિથી આખો મંડપ ગૂંજી ઊઠે છે. ચારેકોર ધર્મવર્ષા ચાલી રહી છે.

આવી સરસ ધર્મવર્ષા દેખીને વર્ષાને પણ જાણે એમ થયું કે અરે, મારું સ્થાન આ ધર્મવર્ષા લઈ લેશે કે શું? એટલે તે જલવર્ષા તો ધમધમાટ કરતી દોડતી આવી પણ તે આવી પહોંચે ત્યાર પહેલાં તો ગુરુકહાનના મુખેથી ધર્મવૃષ્ટિ શરૂ થઈ ચુકી હતી અને લોકો તે આનંદથી ઝીલી રહ્યા હતા. આથી તે જલવર્ષાને પણ કબુલ કરવું પડયું કે જીવોને મારા કરતાં પણ આ ધર્મવર્ષાની વધારે જરૂર છે.... તેથી તેણે પોતાનું સ્થાન ધર્મવર્ષાને સોંપી દીધું. અત્યારે જયપુરમાં ધોધમાર ધર્મવર્ષા થઈ રહી છે ને મુમુક્ષુ જીવો તે આનંદપૂર્વક ઝીલીને આત્મામાં ધર્મના બીજ વાવી રહ્યા છે.......

**[ જયકાર ગાજી રહ્યા છે વીતરાગ વિજ્ઞાનના જયપુર શહેરમાં ]**

* * *

જયપુર શહેરનું ધર્મવાતાવરણ અહીં રજૂ કર્યું છે.... હજી ઉત્સવ ચાલી રહ્યો છે ને ગુરુદેવ ત. ૪–૬–૭૧ સુધી જયપુર બિરાજમાન છે, એટલે હવે પછીના વિશેષ પ્રસંગોના સમાચાર આવતા અંકમાં આપીશું. તા. પાંચમી જુને, ગુરુદેવ જયપુરથી અમદાવાદ પધારશે; તા. ૬ થી ૯ ભાવનગર પધારશે; અને તા. દશમી જુને, સોનગઢમાં મંગલ પધરામણી થશે. શ્રાવણ માસનો પ્રૌઢ શિક્ષણવર્ગ સોનગઢમાં ચાલશે.

## સુખથી ભરપૂર ચૈતન્યલક્ષ્મીને લક્ષમાં લે

દુનિયાના વૈભવ કરતાં આત્માનો વૈભવ જુદી જાતનો છે. અરે, સંસારમાં લક્ષ્મી માટે જીવો કેટલા દગા–પ્રપંચ ને રાગ–દ્વેષ કરે છે? તેમાં જીવન ગુમાવે છે ને પાપ બાંધે છે. ભાઈ, તારા સ્વઘરની ચૈતન્યલક્ષ્મી મહાન છે, તેની સંભાળ કરને! તેમાં ક્યાંય દગા– પ્રપંચ નથી, રાગ–દ્વેષ નથી, કોઇની જરૂર નથી, છતાં તે મહા આનંદરૂપ છે. બહારની લક્ષ્મી મળે તોપણ તેમાંથી સુખ મળતું નથી. આ ચૈતન્યલક્ષ્મી પોતે મહા આનંદરૂપ છે. આવો અપાર વૈભવ આત્મામાં પોતામાં ભર્યો છે. – એને લક્ષમાં લેતાં સુખ છે.

# जयपुर शहेर - प्रवचनो

જયપુર શહેરમાં વૈશાખવદ છઠ્ઠથી શરૂ કરીને ૨૦ દિવસનો ધાર્મિક શિક્ષણનો જે ભવ્ય સમારોહ ચાલી રહ્યો છે તેમાં શ્રી ટોડરમલ – સ્મારકભવનમાં પૂ. શ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મ–પ્રવચનોનો લાભ હજારો શ્રોતાજનો લઈ રહ્યા છે. પ્રવચનમાં સવારે પ્રવચસાર ગાથા ૧થી અને બપોરે સમયસાર ગાથા છઠ્ઠીથી શરૂ થયેલ છે. તેમાંથી થોડુંક દોહન અહીં આપ્યું છે.

– બ્ર. હ. જૈન

卐

શિષ્ય એમ પૂછે છે કે હે પ્રભો! શુદ્ધ આત્માનું સ્વરૂપ કેવું છે? આનંદનો પિપાસુ શિષ્ય બીજું કાંઈ નથી પૂછતો, પણ જેને જાણવાથી આનંદ થાય એવા શુદ્ધઆત્માનું સ્વરૂપ જ પૂછે છે. મારા આત્માના શુદ્ધસ્વરૂપ સિવાય બીજા કોઈ સાથે મારે પ્રયોજન નથી.– આમ આત્માનો અભિલાષી થઈને તેનું સ્વરૂપ પૂછનાર શિષ્યને આત્માનું શુદ્ધસ્વરૂપ સમજાવવા માટે આ છઠ્ઠી ગાથા આચાર્યદેવ કહે છેઃ–

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી, જે એક જ્ઞાયકભાવ છે;**
**એ રીતે શુદ્ધ કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે.**

જુઓ, આ માંગળિક ગાથા છે, કુંદકુંદાચાર્યદેવે આ સમયસારમાં અપૂર્વ માંગળિક કર્યું છે. શરૂઆતમાં શુદ્ધઆત્માના પ્રતિબિંબરૂપ એવા સિદ્ધભગવંતોને આત્મામાં જ સ્થાપીને નમસ્કાર કર્યા. પછી નિજવૈભવથી આત્માનું શુદ્ધસ્વરૂપ બતાવવાની પ્રતિજ્ઞા કરી, પણ તે કોને બતાવે છે? જે શિષ્ય ચાર ગતિનાં દુઃખથી થાકીને શુદ્ધ આત્માનો અભિલાષી થયો છે, તેને આ છઠ્ઠી ગાથાના ભાવ સમજવા તે અપૂર્વ મંગળ છે, એટલે ગાથા પણ મંગળ છે.

સીમંધર તીર્થંકર અત્યારે પૂર્વ વિદેહમાં સાક્ષાત્ બિરાજમાન છે;

બયાના શહેર (રાજસ્થાન) માં સવા પાંચસો વર્ષ પ્રાચીન વર્ષ પ્રાચીન એક પ્રતિમાજી છે, તેના દર્શન ચાર વર્ષ પહેલાં (સં. ૨૦૨૩ માં) કર્યાં હતા; તેમને 'विदेहक्षेत्रके धर्मकर्ता जीवन्तस्वामी श्री सीमधरस्वामी' કહ્યા છે. એવા સાક્ષાત્ વિદ્યમાન તીર્થંકર સીમંધર પરમાત્માના દર્શન શ્રી કુંદકુંદાચાર્યે વિદેહમાં જઈને કર્યાં હતા; સદેહે વિદેહમાં જઈને પરમાત્માનો ભેટો કરનારા એવા મહાન આચાર્યદેવે આ સમયસારની રચના કરી છે.

તેમાં છઠ્ઠી ગાથામાં કહે છે કે આત્મા છે તે એક જ્ઞાયકભાવ છે; તે જ્ઞાયક સ્વભાવની દ્રષ્ટિથી જોતાં આત્મા કદી શુભ-અશુભ વિભાવો રૂપેપરિણમતો નથી. પ્રમત્તપણું કે અપ્રમત્તપણું, અથવા સંસારીપણું કે સિદ્ધપણું, એવા ભેદોના લક્ષે આત્માનું શુદ્ધ સ્વરૂપ પકડાતું નથી; માટે કહે છે કે પ્રમત્ત કે અપ્રમત્ત તે આત્મા નથી, એક જ્ઞાયકભાવ તે આત્મા છે. આવા જ્ઞાયકસ્વભાવપણે જે પોતે પોતાને અનુભવે તે આત્માને 'શુદ્ધ' કહીએ છીએ. શુદ્ધતત્ત્વ જ બધા તત્ત્વોમાં સર્વોપરી શ્રેષ્ઠ સારરૂપ છે, અને તે શુદ્ધતત્ત્વ ધર્મીનાં અંતરમાં ધ્યેયપણે જયવંત વર્તે છે. 'जयति समयसारः सर्व तत्त्वैक सारः, सुखजलनिधि पूरः कलेशवाराशि पाराः।' જુઓ, જય-પુરના મંગલમાં આત્માના જયની અને સુખના પૂરની વાત આવી; સર્વે તત્ત્વોમાં ઉત્તમ એવો એક શુદ્ધ આત્મા તેનો जय છે, અને તે સુખજલનું पूर છે. જ્ઞાયકભાવ કહેતાં પરમસ્વભાવ દ્રષ્ટિમાં આવે છે, ઉદયાદિ ચાર ભાવોના ભેદ તેમાં આવતા નથી. અંતર્મુખ થઈને આવા આત્માની ઉપાસના જેણે કરી તેણે શુદ્ધઆત્માની સેવા કરી કહેવાય છે. અનુભવમાં આવ્યા વિના 'આ શુદ્ધ છે' એમ કહેશે કોણ? અનુભવ થયો ત્યારે ખબર પડી કે 'હું આવો શુદ્ધ છું.' અતીન્દ્રિ આનંદના અનુભવમાં 'શુદ્ધ' નો નમૂનો આવ્યો ત્યારે 'આત્મા આવો શુદ્ધ છું' એમ જાણ્યું અને તેને જ શુદ્ધઆત્મા કહ્યો. જે શુભ-અશુભના વેદનમાં જ ઊભો છે તેને તો શુદ્ધઆત્માની ખબર નથી. શુદ્ધઆત્માના અનુભવ વડે જેણે મોહ-વિકારને જીતી લીધાઃ (-નષ્ટ કર્યાં-) તે જૈન છે. -

**जिन सो ही है आतमा, अन्य होइ सो कर्म;**
**ये ही वचनसे समझले जिनप्रवचनका मर्म।**

સર્વજ્ઞ પરમાત્માને જે અનંત આનંદ પ્રગટયો તે ક્યાંથી પ્રગટયો? આત્મા

જ અનંત આનંદની ખાણ છે. આવા આત્માને જેણે દેખ્યો – અનુભવ્યો – પરથી ભિન્ન પણે ઉપાસ્યો, તેને જ હક્ક છે કે 'આત્મા શુદ્ધ છે' – એમ કહે છે. પોતે જાણ્યા વગર 'શુદ્ધ છે' એ વાત લાવ્યો ક્યાંથી? માટે જેણે ચારગતિના દુઃખથી છૂટવું હોય ને આત્માના આનંદનો અનુભવ કરવો હોય તેણે પરભાવોથી ભિન્ન પોતાના સચ્ચિદાનંદ શુદ્ધાત્માને જાણવો.

આચાર્યદેવ કહે છે કે અમે આ શુદ્ધાત્માનું સ્વરૂપ અદ્ધરથી નથી કહેતા, પણ આત્માના આનંદને પ્રચૂરપણે અનુભવનારા શ્રી ગુરુઓએ અમને જે શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો તેના પ્રસાદથી, અને અમારા આત્માના સ્વાનુભવથી અમને જે નિજ વૈભવ પ્રગટયો છે તે નિજવૈભવના બળથી હું આ સમયસારમાં શુદ્ધાત્માનું સ્વરૂપ કહીશ. અને તમે શ્રોતાજનો પણ તમારા આત્માના સ્વાનુભવથી તે પ્રમાણે કરજો.

કેવો છે શુદ્ધઆત્મા? જ્ઞાયકભાવ છે, તે પરભાવોથી રહિત છે અને કર્મોની ઉપાધિ વગરનો છે. છતાં અજ્ઞાનીઓને તે પરભાવથી સહિત દેખાય છે; અજ્ઞાનીઓનો તે પ્રતિભાસ ખરેખર ભવનું બીજ છે. રાગથી ભિન્ન શુદ્ધજ્ઞાયકભાવપણે પોતાને અનુભવવો તે મોક્ષનું બીજ છે; ને રાગપણે જ પોતાનો અનુભવ તે સંસારનું બીજ છે. એ વાત પુરુષાર્થસિદ્ધિઉપાયની ૧૪મી ગાથામાં અમૃતચંદ્રાચાર્યદેવે કરી છે. એનાં મૂળિયાં તે આ સમયસારમાં ભર્યા છે.

સમયસારમાં આત્માનો અદ્ભુત વૈભવ વર્ણવ્યો છે. તેમાં એમ કહે છે કે આત્મા પોતે પોતાને સ્વસંવેદનગમ્ય થાય એવી સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. આત્માને પોતાને જાણવા માટે કોઈ બીજા દીવાની જરૂર પડે એવો તે નથી, તે પોતે સ્વયં પ્રકાશમાન છે, એટલે પોતાના જ જ્ઞાનપ્રકાશવડે પોતે પોતાને પ્રત્યક્ષ પ્રકાશે છે – જાણે છે. મતિ–શ્રુત જ્ઞાનમાં પણ આત્માનું સીધું વેદન કરવાની તાકાત છે.

અહો, આવું આત્મતત્ત્વ! વીતરાગી જૈનમાર્ગમાં અવતરીને આવું તત્ત્વ સાંભળવાનો પણ પ્રેમ ન આવે તો તેને શું લાભ? ભાઈ, આવો માર્ગ પામીને પોતાના આત્માના મહિમાને લક્ષમાં લેતાં તારા ભવનો અંત આવી જશે.

* * *

હવે આ પ્રવચનસાર છે. પ્રવચન એટલે સર્વજ્ઞ ભગવાનની ઉત્કૃષ્ટ વાણી, તેના સારરૂપ જે સિદ્ધાંત, તેનું આમાં વર્ણન છે. કુંદકુંદાચાર્યદેવે સર્વજ્ઞ પરમાત્માની વાણીરૂપ પ્રવચન સાક્ષાત્ સાંભળીને તેનો સાર આ પરમાગમમાં ગૂંથ્યો છે. તેના મંગલાચરણમાં શ્રી અમૃતચંદ્રસ્વામી જ્ઞાનાનંદસ્વરૂપ ઉત્કૃષ્ટ આત્માને નમસ્કાર કરે છે. કેવો છે તે આત્મા ? – કે પોતાના અનુભવથી જે પ્રસિદ્ધ છે; તેની પ્રસિદ્ધિ કોઈ રાગવડે થતી નથી, તે તો પોતાના અનુભવથી જ પ્રસિદ્ધ થાય છે. અનંતા સિદ્ધ ભગવંતો થયા તેઓ આત્માનો અનુભવ કરી કરીને જ સિદ્ધ થયા છે. પહેલાં સમ્યગ્દર્શનમાં પણ આત્મા સ્વાનુભવ–પ્રત્યક્ષ થાય છે. આવા સ્વાનુભવપ્રત્યક્ષ ચૈતન્યસ્વરૂપ પરમ આનંદમય આત્માને લક્ષમાં લઈને તેમાં વળવું – ઢળવું – નમવું તે અપૂર્વ મંગળ છે.

આત્માનું અનેકાન્તમય જ્ઞાન–તેજ જગતના સ્વરૂપને પ્રકાશિત કરે છે ને મોહઅંધકારને નષ્ટ કરે છે. દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ આત્માનું સ્વરૂપ પોતાથી સત્ છે, ને પરભાવો તેમાં અસત્ છે – એમ અસ્તિ – નાસ્તિરૂપ અનેકાન્તવડે આત્માનું સ્વરૂપ પ્રકાશે છે. આવું અનેકાન્તમય તેજ જયવંત છે. અહો ! સર્વજ્ઞ પરમાત્માએ અનેકાન્તવડે પ્રકાશેલું આત્મસ્વરૂપ લક્ષમાં લેતાં મિથ્યાત્વાદિ મોહનો લીલામાત્રમાં નાશ થઈ જાય છે.

જે ભવ્ય જીવો પરમ આનંદના પિપાસુ છે તેમને માટે આ શાસ્ત્ર રચાય છે. અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માની વાત સાંભળતાં જેના હૃદયમાં આત્માનો ઝણઝણાટ જાગી જાય – એવા પરમ આનંદના પિપાસુ ભવ્ય જીવોને માટે આ શાસ્ત્રમાં અમે જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા બતાવશું. અહો, આ ચૈતન્યના અતીન્દ્રિય આનંદની વીણા સાંભળતાં જિજ્ઞાસુનો આત્મા ડોલી ઊઠે છે.

હવે, પહેલી પાંચ ગાથાનો પ્રારંભ થાય છે. ત્યાર પહેલાં તેના ઉપોદ્ઘાતમાં અમૃતચંદ્રસ્વામી શાસ્ત્રકાર–મુનિરાજની અંતરંગદશાનું વર્ણન કરે છે. શાસ્ત્રકાર તો મુનિરાજ છે ટીકાકાર પણ મુનિરાજ છે. હજાર વર્ષ પહેલાં થયેલા એક મુનિરાજની દશા, હજાર વર્ષ પછી પણ બીજા મુનિ ઓળખી લ્યે છે. – એવી સ્વસંવેદન જ્ઞાનની તાકાત છે. પોતાના આત્માને પ્રત્યક્ષ કરનારા ધર્માત્મા બીજા ધર્માત્માની દશાને પણ અનુમાન વગેરેથી ઓળખી લ્યે છે. જેને પોતાનો આત્મા પ્રત્યક્ષ થયો નથી, પોતે પોતાને જ ઓળખ્યો નથી, તે બીજા આત્માની સાચી ઓળખાણ કરી શકતો નથી. – કેમકે પ્રત્યક્ષ વગરના એકલા અનુમાનથી કે ઇંદ્રિયજ્ઞાનથી આત્મા જણાય નહીં.

પ્રશ્નઃ – મતિ – શ્રુતજ્ઞાન પણ આત્માને પ્રત્યક્ષ કરી શકે?

ઉત્તરઃ હા; સ્વસંવેદનવડે મતિ–શ્રુતજ્ઞાન પણ આત્માને સ્વાનુભવ–પ્રત્યક્ષ કરી લ્યે છે; અને ત્યારે જ સમ્યગ્દર્શન તથા ધર્મની શરૂઆત થાય છે. અતીન્દ્રિય આનંદના વેદન સહિત આવું સ્વસંવેદન – પ્રત્યક્ષ ચોથા ગુણસ્થાને થાય છે.

અહીં અમૃતચંદ્ર મુનિરાજ પોતાની પૂર્વે એક હજાર વર્ષ પહેલાં થયેલા કુંદકુંદાચાર્યદેવની દશાને ઓળખીને તેનું વર્ણન કરતાં કહે છે કે અહા, આ શાસ્ત્રકાર આચાર્ય ભગવાનને સંસાર–સમુદ્રનો કિનારો એકદમ નજીક આવી ગયો છે, ને સિદ્ધદ્વીપમાં પહોંચવાની તૈયારી છે. જ્યારે અમૃતચંદ્રાચાર્ય આ ટીકા રચે છે ત્યારે કુંદકુંદ સ્વામીનો જીવ સ્વર્ગમાં ચોથા ગુણસ્થાને બિરાજે છે; પણ હજાર વર્ષ પહેલાં જ્યારે પ્રવચનસાર – શાસ્ત્ર રચ્યું ત્યારે તેમની કેવી દશા હતી! તે તેમણે અનુમાનવડે ઓળખી લીધી છેઃ અહો! આત્માના જ્ઞાનની અપાર તાકાત છે, તે પોતાને પ્રત્યક્ષ કરીને બીજાને પણ નિઃશંક જાણી શકે છે એકલી બહારની દિગંબર દશા તે કાંઈ મુનિપણું નથી, મુનિના આત્માની અંતરની દશા કેવી અલૌકિક હોય છે તે ઓળખી શકાય છે; અને એવી ઓળખાણ કરીને અહીં અમૃતચંદ્રાચાર્ય તેનું વર્ણન કરે છે. જુઓ તો ખરા, તેમને કેટલું બહુમાન છે! પોતે પણ મુનિ છે, તે બીજા મુનિરાજની ઓળખાણ પૂર્વક કહે છે કે અહો! કુંદકુંદસ્વામી પરમદેવ તો સંસારના કિનારે પહોંચી ગયેલા છે, ને મોક્ષદ્વીપમાં પહોંચવાની તૈયારી છે; તેમને સાતિશય વિવેકજ્યોતિ પ્રગટી છે. અનેકાંતરૂપ વીતરાગી વિદ્યામાં તેઓ પારંગત છે; સમસ્ત પક્ષનો પરિગ્રહ છોડીને તેઓ મધ્યસ્થ છે; પોતે પંચપરમેષ્ઠીની પંક્તિમાં બેસીને મોક્ષ લક્ષ્મીને જ ઉપાદેય કરી છે, વચ્ચે શુભરાગ આવી પડે તેને કષાયકણ સમજીને હેય કર્યો છે; આ રીતે સ્વયં મોક્ષમાર્ગરૂપે પરિણમ્યા છે, તેઓ સાક્ષાત્ શુદ્ધોપયોગરૂપ થવાની પ્રતિજ્ઞા કરતા થકા પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરે છે. – (પ્રવચનસાર ગાથા ૧ થી ૫)

આચાર્યદેવ મંગલાચરણમાં શ્રી મહાવીર ભગવાન સહિત પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરે છેઃ અહો, પ્રવર્તમાન તીર્થના નાયક શ્રી વર્ધમાન સ્વામીને નમસ્કાર કરું છું. નિશ્ચયથી તેઓ પોતામાં જે વીતરાગ શુદ્ધોપયોગદશા પ્રગટી તેના કર્તા છે; અને અમારામાં જે ધર્મદશા પ્રગટી તેના નિમિત્ત હોવાથી ભગવાન ધર્મકર્તા છે. આચાર્યદેવ પોતે ધર્મરૂપ થઈને કહે છે કે અહો! ભગવાને અમારા ઉપર અનુગ્રહ કર્યો છે, ભગવાન અમારા ધર્મકર્તા છે. તેમને હું નમસ્કાર કરું છું.

જેને નમસ્કાર કરું છું તે ભગવાન કેવા છે? અને નમસ્કાર કરનાર હું કેવો છું? તે બંનેની ઓળખાણપૂર્વક અહીં નમસ્કાર કર્યાં છે. હું જ્ઞાનદર્શન સામાન્યસ્વરૂપ સ્વસંવેદનપ્રત્યક્ષ છું અને નમસ્કાર કરવા યોગ્ય જે ભગવાન છે તેઓએ શુદ્ધોપયોગના સામર્થ્યથી ચાર ઘાતીકર્મોનો ક્ષય કર્યો છે, ને સર્વજ્ઞ પરમેશ્વર થયા છે, તથા શુદ્ધોપયોગરૂપ ધર્મપરિણતિના જ કર્તા છે, રાગના કર્તા નથી, ને રાગ કરવાનો તેમનો ઉપદેશ નથી. આ રીતે ઓળખીને, એટલે પોતામાં પણ રાગનું કર્તૃત્વ છોડીને અને શુદ્ધોપયોગરૂપ ધર્મનું કર્તૃત્વ પ્રગટ કરીને, ભાવ નમસ્કાર કર્યાં છે.

મારા આત્માના સ્વસંવેદનપ્રત્યક્ષપૂર્વક સર્વજ્ઞદેવના સ્વરૂપનો પણ નિર્ણય કરીને તેમને નમસ્કાર કરૂં છું. અરિહંતદેવને ત્યારે જ ઓળખ્યા કહેવાય છે જ્યારે અંતર્મુખ થઈને પોતે પોતાના આત્માનું સ્વસંવેદન કરે. તે અરિહંત તરફના વિકલ્પમાં ઊભો નથી રહેતો પણ શુદ્ધ ચેતન તત્ત્વને લક્ષમાં લઈને, તેમાં પર્યાયને અંતર્લીન કરીને નિર્વિકલ્પ અનુભવસહિત સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. જૈનદર્શનની શૈલી જ કોઈ અનેરી છે. અંતરના સ્વભાવમાંથી માર્ગની શરૂઆત થાય છે; બહારના લક્ષે માર્ગની શરૂઆત થતી નથી.

જેણે સ્વસંવેદન–પ્રત્યક્ષથી આત્માનો નિર્ણય કર્યો તેણે પંચ પરમેષ્ઠીને પરમાર્થ નમસ્કાર કર્યાં; અને તેણે અનુમાનથી સર્વજ્ઞ પરમાત્માનો સાચો નિર્ણય કરીને તેમને વ્યવહાર નમસ્કાર કર્યાં, આમ નિશ્ચય – વ્યવહારની અલૌકિક સંધિપૂર્વકની વાત છે.

એકલા પરને નમસ્કાર નથી; અંતરમાં પોતાના સ્વભાવ તરફ ઝુકીને પોતે પોતાને નમ્યો ને શુદ્ધતા પ્રગટ કરી, તે નિશ્ચય થયો, અને ત્યાં શુભ વિકલ્પ વખતે ભગવાનને નમસ્કારરૂપ વ્યવહાર છે. અહો! કુંદકુંદસ્વામીની અનુભવવાણી તો સર્વજ્ઞ પરમાત્માની વાણી સાથે તુલના થાય એવી છે. આચાર્ય પોતે પંચપરમેષ્ઠીપદમાં ત્રીજા પદમાં બિરાજમાન છે. તેઓ પંચપરમેષ્ઠીને નમસ્કારરૂપ અપૂર્વ મંગળ કરે છે. આ તો મોક્ષલક્ષ્મીનો સ્વયંવર છે. પોતે મોક્ષલક્ષ્મીને વરવા જાય છે ત્યાં પંચપરમેષ્ઠી ભગવંતોને પોતાના આંગણે બોલાવે છેઃ અહો, પંચપરમેષ્ઠી ભગવંતો! અહો, વિદેહમાં બિરાજતાં સીમંધરાદિ ભગવંતો! અને ગણધર ભગવંતો! આપ સૌ વીતરાગતાના આ આનંદ–ઉત્સવમાં પધારો....પધારો....પધારો....મારી શુદ્ધ ચૈતન્યસત્તાનો નિર્ણય કરીને તેમાં હું આપને પધરાવું છું....ને સમસ્ત રાગાદિ પરભાવોને જુદા કરું છું.

–આવા મંગલપૂર્વક મોક્ષને સાધવાનો આ મંગલસ્થંભ રોપાય છે.

સીમંધર ભગવાન પાસે જઈને કુંદકુંદાચાર્ય ભવ્યજીવોને માટે આવી ઊંચી ભેટ લાવ્યા છે. જેમ પિતા પરદેશ જઈને આવે ત્યારે બાળકો માટે ભાગ લઈ આવે છે તેમ કુંદકુંદ આચાર્ય–આપણા પરમ પિતા, વિદેહક્ષેત્રે જઈને ભરતક્ષેત્રના બાળકો માટે શુદ્ધાત્માના આનંદની પ્રસાદી લાવ્યા છે. તે આ સમયસાર દ્વારા આપે છે કે લે, તારા માટે આવો શુદ્ધઆત્મા અમે લાવ્યા છીએ.... તેને તું સ્વાનુભવગમ્ય કર.

## સુખી સન્ત

રાગી–દ્વેષી જીવોને સુખ કેવું? સુખ તો વીતરાગી સન્તોને છે. આપણામાંથી જ ઉત્પન્ન થયેલા સત્ય સુખને અજ્ઞાની જીવો ઓળખી શકતા નથી. એટલે બાહ્ય પદાર્થોમાંથી સુખ લેવા માંગે છે.

卐

## બ્રહ્મજીવન

આત્મામાં જ સાચું સુખ છે –એમ સમજીને આત્માના અતીન્દ્રિય સુખની જેને અભિલાષા જાગી છે અને બાહ્ય–વિષયોમાં ક્યાંય સુખ નથી એમ સમજીને સર્વ વિષયો જેને વિરસ લાગ્યા છે; મારા અસંગ ચૈતન્ય તત્ત્વને કોઈ પરદ્રવ્યનો સંગ નથી, પરના સંગથી મારામાં સુખ નથી પણ પરના સંગ વગર મારા સ્વભાવથી જ મારું સુખ છે – એમ જે જીવે પોતાના અતીન્દ્રિય સુખસ્વભાવની રુચિ ને લક્ષ કર્યું છે અને ચૈતન્યના રંગથી સર્વે ઇન્દ્રિયવિષયોનો રંગ ઊડી ગયો એવા જીવને ખરું બ્રહ્મજીવન–ખરું આત્મજીવન પ્રગટે છે. આવા આત્મલક્ષી બ્રહ્મજીવન વડે સર્વે ગુણોની ખીલવટ થાય છે.

## ‘नाटक सुनत हिये फाटक खुलत है’

[ અનુસંધાન પાના ૮ થી ચાલુ ]

* – આવો અનુભવ અત્યાર થાય ?

– તો કહે છે કે હા; અત્યારે પણ, ગૃહસ્થને પણ શુદ્ધાત્માનો અનુભવ થઈ શકે છે અરે, અનુભવ શું ચીજ છે! તે સમજે નહીં, તેનો મહિમા જાણે નહીં તે અનુભવ કયારે કરે? અને અનુભવ વગર મોક્ષમાર્ગનાં દ્વાર ખુલશે ક્યાંથી! અનુભવપ્રકાશમાં તો કહે છે કે તિર્યંચોને, નારકીને અને ગૃહસ્થોને પણ આત્માનો નિર્વિકલ્પ – અનુભવ કોઇકોઈવાર થાય છે.

* ધર્મનાં ઉત્તમ ફળ પાકવા માટે અનુભવ તે મહાન ઉપજાઉ ભૂમિ છે. જેમ ઉત્તમ રસાળભૂમિમાં ઉત્તમ અનાજ પાકે તેમ સ્વાનુભવ એવી ઉત્તમ ભૂમિ છે કે તેમાં સમ્યગ્દર્શન પાકે, સમ્યગ્જ્ઞાન પાકે, સમ્યક્ચારિત્ર પાકે, પરમ આનંદ પાકે ને મોક્ષ પાકે. ધર્મનો ઉત્તમ પાક પાકવા માટે અનુભવ તે ઉત્તમ રસાળ ભૂમિ છે.

* આત્મા તો અતીન્દ્રિય આનંદનું દૂઝાણું છે, જે ચોવીસ કલાક ને સાદિઅનંત કાળ સુધી આનંદનાં દૂધ આપ્યા જ કરે. એની અંદર એકાગ્ર થતાં જ તેમાંથી તત્ક્ષણ અતીન્દ્રિયઆનંદ દૂઝે છે.

* જુઓ, આ કવિ! સાચા કવિ તો આવા હોય કે જે આત્માના ગુણનાં ગાણાં ગાય. પણ આત્માને જાણ્યો હોય તો તેનાં ગાણાં ગાયને! વાહ! આત્માનાં અદ્‌ભુત ગાણાં ગાયા છે. ચૈતન્યનો ઊંચામાં ઊંચો અધ્યાત્મરસ આ સમયસારમાં ઘોળ્યો છે.

* જેમ ‘પંચોલામાં’ વરરાજા સાથે બેસનારને ઊંચા જમણ મળે છે તેમ અહીં પંચપરમેષ્ઠી ભગવાનના પંચોલામાં બેસીને સાધક ધર્માત્માઓ અતીન્દ્રિ આનંદના ઊંચામાં ઊંચા ભોજન જમે છે. જેમાં પરમ આનંદરસ ટપકે છે એવા અનુભવ વડે સાધક જીવ પંચપરમેષ્ઠી સાથે બેસીને સુખનાં ભોજન જમે છે.

* આત્માનો અનુભવ થતાં કર્મ તૂટી જાય છે, કર્મચેતના છૂટીને પરમ પદ સાથે પ્રીતિ બંધાય છે. આત્માનો જે પરમસ્વભાવ, અને તેનું પરમાત્મ પદ, તેની સાથે પ્રીતિ અનુભવવડે જોડાય છે. આવા અનુભવ સમાન બીજો કોઈ ધર્મ નથી. આવા અનુભવધર્મથી સાધકપણું જયવંત છે. સ્વાનુભવ–ધર્મ વગર સાધકપણું હોતું નથી.

* લોકો કહે છે ‘પ્રેમ ધર્મની જય.’ અહીં તો કહે છે કે ‘અનુભવધર્મનો જય હો.’ પરનો પ્રેમ એટલે રાગ, તે તો સંસારનું કારણ છે, તેનો તો ક્ષય કરવા જેવો છે. અરે જીવ! આત્માનો જે પરમ સ્વભાવ તેને તો પ્રેમ ન કર્યો ને પરભાવનો પ્રેમ કરીને તેમાં સુખ માન્યું એ તો મૂર્ખતા છે. બાપુ! તારા હિત માટે પરભાવની પ્રીતિ છોડીને આત્મામાં પ્રીતિ જોડ, ને તેનો અનુભવ કર. કેમકે આત્માનો અનુભવ તે જ મોક્ષનું કારણ છે, તેથી વીતરાગ માર્ગમાં તે જ જયવંત છે. આવો આત્મઅનુભવ કરવો તે જ વીતરાગી શાસ્ત્રોનું તાત્પર્ય છે.
* –આવા મહિમાવંત આત્માના અનુભવ સિવાય બીજા કોઈ વ્યવહારને – રાગને મહિમા આપતાં આત્માનું અપમાન થાય છે – એની અજ્ઞાનીને ખબર નથી. બાપુ! બીજાનો મહિમા છોડીને પરમ મહિમાવંત એવા તારા આત્માને જાણ.
* દરેક દ્રવ્ય પોતાના અનંત પર્યાયો સહિત છે; ચેતનસ્વરૂપ જીવ દ્રવ્ય પણ પોતાના અનંત ગુણો ને અનંત પર્યાયો સહિત છે. – આવો આત્મા છે તે જૈનશાસનમાં સર્વજ્ઞભગવાને જ જોયો છે, સંતોએ તે અનુભવીને આગમોમાં કહ્યો છે. આવા જીવ દ્રવ્યને ઓળખીને અંતરમાં રાગના વિકલ્પ રહિત તેનો અનુભવ કરવો તે ધર્મ છે. (ચાલુ)

## વિશ્વનું મહાન જાદુ

સૌરાષ્ટ્ર વિશ્વપ્રસિદ્ધ જાદુગર કે૦ લાલ (– કે જેઓ જૈન સંસ્કાર ધરાવે છે, તેઓ) વૈશાખ માસમાં રાજકોટ મુકામે પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પાસે દર્શન કરવા આવેલા, અને ચૈતન્ય–ચમત્કારની વાત સાંભળીને કહ્યું કે – મહારાજ! અમારી જાદુગરી એ તો બધું ધતીંગ છે, એ તો બધી ચાલાકી છે; ખરો ચમત્કાર તો આત્માનો છે – જે આપ બતાવો છો. બાકી બીજા ઘણા પણ જાદુના નામે ધતીંગ ચલાવી રહ્યા છે.

ખરેખર, આત્માનો ચૈતન્ય – ચમત્કાર કોઈ અદ્‌ભુત છે. એક નાનકડા ક્ષેત્રમાં આખા જગતનું જ્ઞાન સમાઈ જાય, જેની સામે જોતાં આખું વિશ્વ દેખાઈ જાય, અને અનંત આનંદના ખજાના જેમાં ભર્યા છે – એવું ચૈતન્યતત્ત્વ જગતમાં અદ્‌ભુત આશ્ચર્યકારી છે. જેણે આવા ચૈતન્ય ચમત્કારને જાણ્યો તેને જગતનો કોઈ ચમત્કાર આશ્ચર્ય ઉપજાવતો નથી.

આ રીતે આત્મતત્ત્વ એ જ વિશ્વનું સૌથી મહાન જાદુ છે; એ જાદુને કોઈ વિરલા જ જાણે છે.



## રાજકોટ શહેરના ભાવભીના પ્રવચનમાં ગુરુદેવ કહે છે કે –

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં અનંતી શક્તિ છે; તેની સન્મુખ થતાં અતીન્દ્રિ આનંદનો અનુભવ થાય છે. આવી દશા પ્રગટે તેનું નામ ધર્મ છે.

આત્માની શક્તિનું કાર્ય નિર્મળ છે; તે રાગથી પાર છે. નિર્મળ ગુણ-પર્યાયનો પિંડ આત્મા છે; એની અંદર દૃષ્ટિ કરતાં આંખો આત્મા નિર્વિકલ્પ અનુભવમાં આવે છે.

ભગવાન! આવું તારું સહજ તત્ત્વ, એને તું લક્ષમાં તો લે. અરે, આવા પરમ સત્ય સ્વભાવની વાત સાંભળવા મહા ભાગ્યથી મળે છે.. . અને તે સમજે એની તો શી વાત ?

શુદ્ધદૃષ્ટિવાળા આસન્ન ભવ્ય જીવને પોતાના અંતરમાં શુદ્ધ કારણ પરમાત્મા જ ઉપાદેય છે; તેમાં સહજ સુખનો સાગર ઊછળે છે. આવા ઉત્તમ સારભૂત સ્વતત્ત્વમાં તારી બુદ્ધિને જોડ.



ભાઈ, આનંદનું ધામ એવો તારો આત્મા છે. રાગથી પાર ધ્રુવ ચિદાનંદ સ્વભાવ છે, તે સત્ છે, તેને દૃષ્ટિમાં લે. અંતરમાં સત્ સ્વભાવ 'છે' તેની આ વાત છે.

❀

બાપુ! આત્માનું કલ્યાણ કરવાની આ મોસમ છે. જેમ મોસમ આવતાં ફળફૂલથી વૃક્ષો ખીલી ઊઠે છે, સ્વાતિનાં બિંદુથી મોતી પાકે છે, તેમ ચૈતન્યમાં સમ્યગ્દર્શનાદિ રત્નો પાકવાની આ મોસમ છે.

❀

રાગરહિત પવિત્ર પર્યાયો જેમાંથી પ્રગટે એવી ચૈતન્યખાણ તો આત્મા છે. એની સન્મુખ થતાં, ચૈતન્યના ઊંડા પાતાળમાંથી શ્રદ્ધા-જ્ઞાન-આનંદની નિર્મળ પર્યાયો પ્રગટે છે.

❀

પ્રભો! તારી શક્તિઓ ઘણી ગંભીર છે, એને બીજા કોઈની અપેક્ષા નથી. અનંત શક્તિવાળા આત્માનો અનુભવ થયો તે નિર્વિકલ્પ શુદ્ધપ્રમાણ છે; તેમાં રાગ નથી.

❀



'સમજાય છે કાંઈ?' – આત્માની સમજણ એ જ સાચો વિસામો છે, બાકી તો બધું થોથા છે.

આ તો ભગવાનની ૐ ધ્વનિમાંથી આવેલી વાત છે. સંતોએ આનંદના ખજાના ખોલી દીધા છે. આ તો ધર્મની કમાણીનો અવસર છે.

ચૈતન્યના સ્વભાવની તાકાત એવી છે કે રાગના આલંબન વગર એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણી લ્યે. આવા ચૈતન્યપ્રાણથી ત્રિકાળ જીવનારો આત્મા છે.

પરની સન્મુખ જોયે ધર્મ થાય–એવું સ્વરૂપ નથી; અંતરમાં તારા સ્વભાવની સન્મુખ થતાં આત્મા પોતે પોતાની નિર્મળપર્યાયને કરે છે. અતીન્દ્રિય આનંદનો નાથ પોતે અંદર બિરાજે છે.

અહો, સર્વજ્ઞના આ મારગડા... એ જગતથી જુદા છે. અંતરમાં સર્વજ્ઞ સ્વભાવની સન્મુખ થતાં આનંદના અનુભવ સહિત મોક્ષમાર્ગ અંદરથી જ પ્રગટે છે ભગવાન! અંતરમાં નજર તો કર.




## બાલવિભાગનાં નવા સભ્યો

| | | |
|---|---|---|
| ૨૯૦૩ | અશ્વિનકુમાર ચીમનલાલ જૈન | મોરબી |
| ૨૯૦૪ | કૌશીકકુમાર ચીમનલાલ જૈન | મોરબી |
| ૨૯૦૫ | નીલાબેન ચીમનલાલ જૈન | મોરબી |
| ૨૯૦૬ | પ્રશાંતકુમાર સોમચંદ જૈન | ફત્તેપુર |
| ૨૯૦૭ | વંદનાબેન સોમચંદ જૈન | ફત્તેપુર |
| ૨૯૦૮ | નિર્મલાબેન ચંદુલાલ જૈન | ફત્તેપુર |
| ૨૯૦૯ | વંદનાબેન ચંદુલાલ જૈન | ફત્તેપુર |
| ૨૯૧૦ | ચંદ્રાબહેન ચંદુલાલ જૈન | ફત્તેપુર |
| ૨૯૧૧ | અશ્વિનકુમાર અમૃતલાલ જૈન | ફત્તેપુર |
| ૨૯૧૨ | કિરિટ ભોગીલાલ જૈન | અમદાવાદ |
| ૨૯૧૩ | કલ્પેશ ભોગીલાલ જૈન | અમદાવાદ |
| ૨૯૧૪ | ભાવનાબેન ભોગીલાલ જૈન | અમદાવાદ |
| ૨૯૧૫ | રાજેન્દ્રકુમાર વાડીલાલ જૈન | ફત્તેપુર |
| ૨૯૧૬ | અશોકકુમાર વાડીલાલ જૈન | ફત્તેપુર |
| ૨૯૧૭ | કમલેશકુમાર વાડીલાલ જૈન | ફત્તેપુર |
| ૨૯૧૮ | રમેશચંદ્ર વાડીલાલ જૈન | ફત્તેપુર |
| ૨૯૧૯ | અશ્વિનકુમાર ચંપકલાલ જૈન | જાંબુડી |
| ૨૯૨૦ | શશિબાલા જૈન | જયપુર |
| ૨૯૨૧ | અનિતાબેન વિપીનચંદ્ર જૈન | સુરત |
| ૨૯૨૨ | પ્રીતિબેન વિપીનચંદ્ર જૈન | સુરત |
| ૨૯૨૩ | ભરતકુમાર અમૃતલાલ જૈન | ફત્તેપુર |
| ૨૯૨૪ | અનીલકુમાર રતિલાલ જૈન | ફત્તેપુર |
| ૨૯૨૫ | નરેશચંદ્ર ચીમનલાલ જૈન | અમદાવાદ |

*

**વાંચકો લખે છે :-**

❀ અમે આત્મધર્મ નિયમિત વાંચીએ છીએ. તેમાં પૂછાતા પ્રશ્નો બાળકો માટે ધર્મનું જ્ઞાન પૂરું પાડે છે. અમે પણ જિનવરના સન્તાન થવા માંગીએ છીએ. ( અશ્વિન, મોરબી )

❀ ઇંદોરથી तीर्थंकर નામના માસિકના સંપાદક શ્રી નેમિચંદજી જૈન લખે છે કે આત્મધર્મકે કુછ અંકોકો દેખનેકા સૌભાગ્ય મિલા; ઇતને અચ્છે પ્રકાશનકે લિયે મેરા સાધુવાદ સ્વીકાર કીજિયે. 'आत्मधर्म' કી આધ્યાત્મિક જાગરણકે ક્ષેત્રમેં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા હૈ. ઔર સબસે અચ્છી બાત યહ હૈ કિ વહ અપને ઇસ કર્તવ્યકી ઓર સજગ ઔર સક્રિય હૈ.

*

❀ જૈનધર્મની પ્રભાવનારૂપ અને જૈનધર્મનો સન્દેશ આપતું માસિક આત્મધર્મ વાંચીને ખૂબ જ આનંદ થાય છે, જૈનધર્મનું રહસ્ય ગુરુદેવની કૃપાથી જાણવા મળ્યું, તેથી અમોને આત્મધર્મ અને જૈનધર્મપ્રત્યે ઘણું માન થયું છે. અંક વાંચ્યા વગર અમોને ચેન પડતું નથી. તો ફાગણ માસનો અંક તરત મોકલી આપશોજી.

( – વસંતલાલ ચંદુલાલ શાહ, મુંબઈ )

❀ અમદાવાદના સભ્યો લખે છે કે – આત્મધર્મ અને બાલવિભાગ નિયમિત વાંચીએ છીએ; ઉત્તમ સંસ્કારપ્રેરક વાંચનથી ઘણો જ આનંદ થાય છે. દરમહિને ઉત્કંઠાથી તેની પ્રતીક્ષા કરીએ છીએ. ગુરુદેવની ભવહારિણી વાણીનો લાભ આત્મધર્મ દ્વારા મળે છે. સુંદર સંપાદન કાર્યના અથાગ પ્રયત્ન બદલ હાર્દિક ધન્યવાદ.

( –રોહિત અને વર્ષાબેન જૈન )

❀ મૌજમાબાદ– જયપુરથી શ્રી ફૂલચંદજી જૈન લખે છે –જૈન બાલપોથીકા દૂસરા ભાગ દેખકર એવં અધ્યયન કર હર આદમી ઇસ પુસ્તકકે પ્રતિ લાલાયિત હોતા હૈ! ઇસ કસ્બેમેં ૫૦ ઘર અપને જૈન સમાજકે હૈં; સો મેરી યહ પ્રબલ ઇચ્છા હૈ કિ યહ પુસ્તક હર ઘરમેં ભેંટ કરૂં. અતઃ અપ ઇસકી ૫૦ પ્રતિયાં ડાકસે ભિજવાનેકી કૃપા કરેં।

❀ મૈસુરથી પદ્મનાભ શાસ્ત્રી ( જેઓ ગુરુદેવ મૈસુર પધાર્યા ત્યારે પ્રવચનનું કન્નડ ભાષાંતર કરતા હતા – તેઓ ) ભાંગીતૂટી હિંદી ભાષામાં લખે છે કે – સ્વામીજી સમય ઔર આત્માકા બહુમૂલ્ય જાનતે હૈં। જિનેન્દ્ર ભગવાનકી વાણી પ્રસારિત કરનેકે લિયે આપ બહુત પ્રયત્નશીલ હૈં। જૈન બાલપોથી મહાન ઉપયોગી ઔર સુંદર ગ્રંથ હૌ હમારે યહાં ગ્રીષ્મ શિબિરમેં ૮૦ બાલક–બાલિકા ફાયદા ઉઠા રહે હૈ।

❀ जयपुर થી નવ વર્ષની બાળા ભાંગીતૂટી ભાષામાં લખે છે કે 'वीरवाणी' કે માધ્યમસે મેરે પિતાજી દ્વારા મુઝે જૈન બાલપોથી ( દૂસરા ભાગ ) મિલાઃ જૈનધર્મકી શિક્ષા પ્રાપ્ત કરનેકા બાલપોથીમેં બહુત હી સુગમ એવં સરલ ઢંગસે સમજાયા ગયા હૈ; ચિત્રો દેખકર ભી આનંદ હોતા હૈ. મૈંને બહુતસે પાઠ યાદ કર લિયે હૈં. મૈં પ્રતિદિન મંદિરજીમેં જાકાર દેવદર્શન કરતી હૂં; તથા રાત્રિકો ભોજન નહીં કરુગી.

शशिबाला जैन

## તદ્દ્ન સહેલી વાત

નીચે જે એકેક અક્ષરો લખેલા છે તેમાં બાકીના અક્ષરો તમારે તમારી બુદ્ધિથી પૂરા કરવાના છે. જરાક વિચાર કરશો તો બાળકોને પણ આવડે એવું તદ્દન સહેલું છે –

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ઋ........ | (૨) | અ........ | (૧૩) | વિ........ | (૧૪) | અ........ |
| (૩) | સં........ | (૪) | અ........ | (૧૫) | ધ........ | (૧૬) | શાં........ |
| (૫) | સુ........ | (૬) | પ........ | (૧૭) | કુ........ | (૧૮) | અ........ |
| (૭) | સુ........ | (૮) | ચં........ | (૧૯) | મ........ | (૨૦) | મુ........ |
| (૯) | સુ........ | (૧૦) | શી........ | (૨૧) | ન........ | (૨૨) | ને........ |
| (૧૧) | શ્રે........ | (૧૨) | વા........ | (૨૩) | પા........ | (૨૪) | મ........ |




* મુંબઈ મુકામે તા. ૧૪–૪–૭૧ ના રોજ બોટાદવાળા બહેન સવિતાબેન ( તે શ્રી મહેન્દ્રભાઈ ભલાણીના માતુશ્રી ) સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સ્કુલમાં શિક્ષિકાબેન તરીકે કાર્ય કરતા હતા; તેમાંથી નિવૃત્ત થઈને હવેનું શેષ જીવન સોનગઢમાં પૂ. ગુરુદેવ અને પૂ. બેનશ્રી બેનની છત્રછાયામાં રહેવાની તેમની ભાવના હતી, અને તે માટે તેમણે સ્કુલમાં રાજીનામું પણ આપી દીધું હતું; પરંતુ તેઓ સોનગઢ આવીને રહે ત્યાર પહેલાં એકાએક બિમારી આવતાં તે પહેલાં તેઓ સ્વર્ગવાસ પામી ગયા. બે માસની માંદગી દરમિયાન પણ તેઓ ટેપ રેકોર્ડિંગ મશીનદ્વારા ગુરુદેવના પ્રવચનો સાંભળતા અને ધાર્મિક વાંચન તથા તત્ત્વચર્ચા કરતા. ગત સાલ કાનાતળાવ ગામે જિનેન્દ્ર પ્રતિષ્ઠાના ઉત્સવમાં તેમણે ઉલ્લાસથી ભાગ લીધો હતો તેઓ ભદ્રિક સંસ્કારી હતા અને ખાસ કરીને સચિત્ર બાલ સાહિત્ય દ્વારા બાળકોમાં ઉત્તમ સંસ્કાર રેડવાની તેમને ખૂબ જ ભાવના હતી; તેમજ પોતાની બચત–મુડી પણ બાળકોના સાહિત્ય માટે વપરાય એવી તેમને ઉત્કંઠા હતી. તે અનુસાર તેમની સ્મૃતિમાં બાલ સભ્યોને એક પુસ્તક ભેટ આપવાનું નકકી કરવામાં આવ્યું છે. જીવનમાં ‘સંત–છાયા’ માં વસવાની તેમને ભાવના પૂરી થાય અને સંતોની પાસેથી મેળવેલા તેમના સંસ્કારો ખીલીને તેઓ સમ્યક્ત્વરૂપે પરિણમે એવી ભાવના છે.

* શ્રી વેલજીભાઈ શાહ ( નાઈરોબી ) ના માતુશ્રી વીરાંબાઈ મગનલાલ મેપા શાહ ડબાસંગ ( જામનગર ) મુકામે તા. ૨૬–૩–૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. વીતરાગી દેવ – ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* સાયલા ( મારવાડ ) ના ભાઈના શ્રી પુનમચંદ બેજાજી મોદી ગત વૈશાખ વદ છઠ્ઠના રોજ સાયલા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવતા હતા, તે અંત સમય પહેલાં તેમણે પોતાના મકાન – મિલ્કત સાયલા મુમુક્ષુમંડળને સોંપી દીધી હતી. તેઓ વીતરાગ દેવ ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો. ( સાયલામાં દિગંબર જિનમંદિર છે, અને મુમુક્ષુ મંડળમાં વાંચન ચાલે છે. )

# અનુભવ તે નિર્ણયનું ફળ છે, વિકલ્પનું નહીં.

## [ સાધકને માર્ગદર્શક એક સુંદર ચર્ચા ]

❁ એક મુમુક્ષુએ પૂછયું – અમે શુદ્ધાત્માને વિકલ્પમાં તો લઈએ છીએ પણ તેનું ફળ કેમ નથી આવતું ?

❁ ઉત્તરમાં ગુરુદેવે કહ્યું: ભાઈ ! કોણ કહે છે વિકલ્પનું ફળ નથી આવતું ? વિકલ્પનું ફળ પુણ્ય છે અને તે ફળ તો આવે જ છે; પણ વિકલ્પના ફળમાં નિર્વિકલ્પ અનુભવ માંગે તો તે કયાંથી આવે ? એને તો ઊલ્ટું વિકલ્પમાં જ અટકી રહેવાનું થાય.

વળી બીજી મૂળ વાત એ છે કે શુદ્ધઆત્મા ખરેખર વિકલ્પમાં આવતો જ નથી, શુદ્ધઆત્મા તો સ્વસન્મુખ જ્ઞાનમાં જ આવે છે. વિકલ્પનું અને જ્ઞાનનું કાર્ય એક નથી પણ જાુદું છે. અનુભવ તે તો જ્ઞાનના નિર્ણયનું ફળ છે, વિકલ્પનું નહીં. જ્ઞાનને સ્વસન્મુખ કરીને જે નિર્ણય કર્યો તેનું ફળ નિર્વિકલ્પ અનુભવ છે.

પ્રશ્ન :– આત્માની ધારણા કર્યા પછી અનુભવ માટે ક્યાં સુધી રાહ જોવી ?

ઉત્તર :– જરાય રાહ ન જોવી, ક્ષણમાત્રમાં અનુભવ કરી લેવો ! પણ એવો ઉગ્ર પ્રયત્ન અંદર જોઈએ ! આત્માની સાચી ધારણાનું બળ તો અલ્પકાળમાં અનુભવ કરાવે જ. બાકી એકલા પરસન્મુખ વિકલ્પથી ( શાસ્ત્રથી કે શ્રવણથી ) જે ધારણા થાય તે ખરી ધારણા નથી.

# 卐 ચૈતન્યની ચર્ચાના ચમકારા 卐

[ પ્રવાસ દરમિયાન તત્ત્વચર્ચાઓમાંથી ]

* ચૈતન્યસ્વભાવ તરફના વેગવડે આત્મા અનુભવાય છે; વિકલ્પના વેગમાં આત્મા અનુભવાતો નથી.
* 'આનંદ તે હું.... દુઃખ હું નહીં' – આવા વેદન વડે ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે.
* ધ્રુવ પણ એક અંશ છે, તે આખો આત્મા નથી.
* નિર્વિકલ્પ શુદ્ધ આત્માનો અનુભવ. તે નિર્વિકલ્પ શુદ્ધપ્રમાણ છે, તેમાં દ્રવ્ય અને પર્યાય આવી જાય છે, પણ તેનો ભેદ રહેતો નથી.
* અરે, આ જન્મ – મરણની ખીણ, તેનાથી બહાર નીકળવાના ટાણે ઊંઘ તો કેમ આવે ? આત્માને સાધવા જે મુમુક્ષુ જાગ્યો તેને ઊંઘવું પાલવે નહીં.
* નિર્વિકલ્પ અનુભવ વખતનું જે સ્વસંવેદન જ્ઞાન છે તે સ્વયં પ્રમાણ છે, અને તે શુદ્ધનય છે. અનુભૂતિ કહો કે શુદ્ધનય કહો.
* – આનંદને જાણતાં જ્ઞાન આનંદરૂપ થાય છે; પણ રાગને જાણતાં જ્ઞાન રાગરૂપ થતું નથી, અને જડને જાણાં જ્ઞાન જડરૂપ થતું નથી.
* સાચી બુદ્ધિ તેને કહેવાય કે જે રાગથી પાર શુદ્ધાત્માનો બોધ કરે.
* 'વિભાવ હોવા છતાં સ્વભાવને કઈ રીતે જોવો ?' – તો કહે છે કે સ્વભાવ વિદ્યમાન હોવા છતાં વિભાવને શા માટે જોવો ? વિભાવ હોવા છતાં, દ્રષ્ટિને વિભાવથી પાર કરીને શુદ્ધસ્વભાવને દેખવો, તેને દેખતાં વિભાવ વિલય પામે છે. વિભાવ વગરનો જે સ્વભાવ છે તેને દેખતાં વિભાવની ચિંતા રહેતી નથી.
* શુદ્ધાત્માનો વિકલ્પ કર્યો તેથી નિર્વિકલ્પ–અનુભવ થશે – એમ નથી. વિકલ્પને ઓળંગીને જ્ઞાનના બળે જ નિર્વિકલ્પ અનુભવ થશે.

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૨૮૦૦